# જૈન ધર્મ પ્રકાશ.

लक्ष्मीर्दानविवेकसंगममयी श्रद्धामयं मानसं ।
धर्मः शीलदयामयः सुचरितश्रेणीमयं जीवितं ॥
बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवोज्जृंभितं ।
व्यापारश्च परार्थनिर्मितिमयः पुण्यैः परं प्राप्यते ॥

પુસ્તક ૩૫ મું ] ભાદ્રપદ-સંવત ૧૯૭૫. વીર સંવત ૨૪૪૫. [ અંક ૬ ઠ્ઠો.

પ્રગટકર્ત્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.


૧ શાસનવીરો ક્યાં છે? ... ૧૭૧
૨ આત્માર્થીને ઉપદેશ ... ૧૭૨
૩ સચ્ચારિત્ર્ય ... ૧૭૩
૪ સૂક્ત મુક્તાવળી. ... ... ૧૭૪
૫ ચાર પ્રકારની જીવ જાતિને ઓળખી સુખના અર્થી જનોએ લેવો જોઇતો ધડો. ૧૭૬
૬ જૈન તેમજ જૈનેતર દયાળુ જનોએ લક્ષમાં રાખવા યોગ્ય કિંમતી સૂચના. ૧૭૭
૭ શ્રીમતી ... ... ૧૭૮
૮ ધાર્મિક સાહિત્યમાં વિકાર એટલે શું? ૧૭૯
૯ મેઘનંદરાજા અને મદનમંજરીની કથા. ૧૮૦
૧૦ તપ. ... ... ૧૯૨
૧૧ વિદ્વાન મુનિરાજ પ્રતિ પ્રશ્નો ... ૧૯૪
૧૨ પુસ્તકોની પહોંચ, ઉપદેશ. ... ૧૯૫
૧૩ સ્ફુટ નોંધ અને ચર્ચા. ... ૧૯૬


વાર્ષિક મૂલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦.
ભેટના પોસ્ટેજ સહિત.

REGISTERED No. B. 156.

ભાવનગર ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## હાલમાં બહાર પડેલા ગ્રંથો ને ભાષાંતર.

### શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ વિભાગ ૨ જો. ( સ્થંભ ૭ થી ૧૨ )

આ સંસ્કૃત ગદ્યબંધ ગ્રંથ ચાર વિભાગે બહાર પાડવાનો છે. તેનો આ બીજો વિભાગ આ સાંવલપુર નિવાસી **શેઠ બકોરદાસ ઉજમશીના** સુપુત્રો **હીરાલાલ** તથા **મણિલાલની** આર્થિક સહાયથી બહાર પાડવામાં આવ્યો છે, યોગ્ય સાધુ, સાધ્વીને તથા સંસ્થાઓ–પુસ્તકાલયો વિગેરેને ભેટ આપવાનો છે. સાધુ સાધ્વી શિવાય બીજાઓએ પોસ્ટેજના ત્રણ આના મોકલવા છે. સાધુ સાધ્વીએ પોતાના ગુરૂ મહારાજ દ્વારા મંગાવવા કૃપા કરવી અથવા ગુરૂમહારાજે મંગાવી યોગ્ય શિષ્યોને તેનો લાભ આપવો. ખરીદ કરવા ઇચ્છનાર માટે કિંમત બે રૂપીઆ રાખવામાં આવેલ છે, પોસ્ટેજ જુદું.

---

### શ્રી સપ્તતિકા ભાષ્ય–ટીકા સહિત.

આ છઠ્ઠા કર્મગ્રંથ ઉપર **શ્રી અભયદેવસૂરિએ** કરેલી ભાષ્ય **શ્રી મેરૂતુંગસૂરિ** કૃત ટીકા સાથે છપાવેલ છે. સપ્તતિકા કર્મગ્રંથ **શ્રી મલયગિરિજી** કૃત ટીકા સાથે અમારા તરફથીજ છપાયેલ છે તેના કરતાં આમાં કાંઇક વિશેષતા બંને કર્ત્તાએ કરેલી છે. કર્મગ્રંથના અભ્યાસી અને સંસ્કૃત ભાષાના જાણવાવાળાને ખાસ ઉપયોગી છે. તેવા વિશેષણવાળાએ મંગાવવાની કૃપા કરવી. ભેટ આપવાના સંબંધમાં ઉપર લખેલ છે તે નિયમ સમજવો. આ ગ્રંથ છપાવવામાં શ્રી પાદરાનિવાસી **શા. તારાચંદ રતનચંદે** રૂા. ૨૫૧ ) ની સહાય આપેલી છે, વેચાણ લેનાર માટે રૂા. ૧ા પોસ્ટેજ અઢી આના.

---

### [illegible]

આ ભાષાંતર ગુજરાતી ભાષાના જાણનારાઓ માટે ઘણું વાંચવા લાયક છે. શ્રી મુંબઇ નિવાસી શેઠ **પરમાણંદદાસ રતનજીએ** પોતાના લઘુ બંધુ **કેશવલાલના** સ્મરણાર્થે આર્થિક સહાયથી છપાવેલ છે. કાગળ, બાઇંડીંગ વિગેરે સુંદર છે. જૈન સંસ્થાઓને તેમજ અન્ય ગુજરાતી ભાષાના જાણવાવાળા સાધુ સાધ્વીને ( ગુરૂદ્વારા ) ભેટ આપવાની ધારણા રાખેલી છે ખરીદ કરવા ઇચ્છનાર માટે કિંમત રૂા. ૧ાા પોસ્ટેજ અઢી આના.

---

### શ્રીબૃહત્ક્ષેત્ર સમાસ—શ્રી મલયગિરિજી કૃત ટીકા સહિત.

આ ગ્રંથ હાલમાં વાંચતાં ઘણી આવશ્યકતાવાળો–સર્વજ્ઞપણાની ખાત્રી માટે પ્રબળ દૃષ્ટાંતરૂપ લાગ્યો તેથી તે છપાવવાની આવશ્યકતા સમજી તરતમાંજ પ્રેસકાપી કરાવી છપાવવાની શરૂઆત કરી છે. તેની શુદ્ધ પ્રતની અપેક્ષા છે. જે મુનિરાજ પાસે કે ભંડારમાં હોય તેમણે મોકલવા કૃપા કરવી. આર્થિક સહાય આપવાની ઇચ્છા હોય તેમણે જણાવવું. સુમારે ૭૫૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથ છે અને નિર્ણયસાગર પ્રેસમાંજ છપાય છે.

---

**જોઇએ છીએ**—પાલીતાણા જૈન બાળાશ્રમ માટે હાઉસ માસ્તર. પગાર લાયકાત મુજબ. ઉમર, અભ્યાસ, અનુભવ અને પગાર દર્શાવી નીચેને શિરનામે અરજી મોકલો.

**કુંવરજી મુળચંદ શાહ.**
ઓનરરી મેનેજર જૈન બાળાશ્રમ—પાલીતાણા.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૫ મું.] ભાદ્રપદ-સંવત ૧૯૭૫. વીરસંવત-૨૪૪૫. [અંક ૬ ઠ્ઠો.

## शासन वीरो क्यां छे ?

[illegible]

અહોનિશ અંતર ભાવે રમતા, બાહિર ભાવ નિવારી;
સત્પથ સદ્ગુણમાં ચિત્ત રાખે, રાગદ્વેષ સંહારી. એવા શાસન૦

નય ભંગી પ્રમાણ વચનથી, પક્ષાપક્ષ ન તાણે;
જ્ઞાન દરશ[1] ચારિત્રના સંગે, આતમ તત્ત્વ પીછાણે. એવા શાસન૦

શ્રાવક ધર્મ ફરજને સમજે, જૈન નામ દીપાવે;
શાંત સુધારસ પાન કરે નિત, આતમ બળ પ્રગટાવે. એવા શાસન૦

વિકથાના વિચાર તજી દે, શાસન હિત વિલાસી;
મૈત્રી આદિ ભાવના ભાવે, આર્હત પદ અવિનાશી. એવા શાસન૦

જ્ઞાન દાનમાં શૂર બનીને, શ્રાવક ક્ષેત્ર સુધારે;
સાચો પાયો મજબૂત નાખે, કીર્તિ ભૂખ ન ધારે. એવા શાસન૦

પ્રાચીન સ્થિતિ જૈન વિચારે, અર્વાચીન અવધારે;
"અમૃત" પદની વાંછા રાખી, શુભ સદ્ભાવ વિચારે. એવા શાસન૦

---

૧ દર્શન—સમ્યક્ત્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आत्मार्थीने उपदेश.

## કવ્વાલી.

### ફરજ તું ધર્મની ભૂલ્યો.

અરે ઓ ! આત્મ પરદેશી, રહ્યું નહિ કોઇ અંહીં બેશી;
છતાં પરવાતમાં પેશી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૧
અરે ! તું એકલો આવ્યો, કમાણી પૂર્વની લાવ્યો;
ગુમાવી ભાવી નવ ભાવ્યો, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૨
સગાં સૌ સ્વાર્થના સંગી, વિપતમાં ના રહે અંગી;
રહ્યો તું મોહમાં રંગી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૩
જવાનું એક દિન નક્કી, ગયા પહેલાં ઘણા જક્કી;
કરી જો ખાતરી પક્કી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૪
પરાયા છિદ્રને ખોલી, મુખે અપવાદ પર બોલી;
લગાવી આત્મમાં હોળી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૫
કરી હિંસા ઘણું રાચ્યો, અધિક બોલી ઘણું માચ્યો;
દ્રવ્ય પર ઓળવી નાચ્યો, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૬
પ્રિયાના પ્રેમને તોડી, પ્રીતિ પરનારીથી જોડી;
મતિ અતિ લોભમાં દોડી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૭
હવે રહી જીંદગી થોડી, કરે ઇચ્છા થવા ક્રોડી;
મળે નહિ ભાગ્ય વણ કોડી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૮
ભુખ્યાની ભુખ નવ ભાંગી, દયા નવ દીલમાં જાગી;
દેશની દાઝ ત્હેં ત્યાગી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૯
કોમની ના કરી સેવા, કુટુંબનો ના કરી હેવા;
રહ્યો હેવાનના જેવા, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૧૦
કશો પરમાર્થ નવ કીધો, નીતિ પર પાદ ત્હેં દીધો;
કટોરો ઝેરનો પીધો, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૧૧
થયો નિજ ન્યાતમાં કાજી, કર્યો અન્યાય થઇ રાજી;
બગાડી બાજી રે પાજી, ફરજ તું ધર્મની ભૂલ્યો. ૧૨
કહે મનજી[1] ઓ બહિરાત્મા, થવું તારે સદા મહાત્મા;
થશે તો ભેટ પરમાત્મા, ફરજ તો ધર્મની સાધી. ૧૩
સાર સૌ શાસ્ત્રનો સાદો, મનુષ્યભવની ફરજ સાધો;
કપીમન[2] સાંકળે બાંધો, ફરજ તો ધર્મની સાધી. ૧૪

**સાંકળચંદ પીતાંબરદાસ શાહ**

૧ મન પોતાનું. ૨ વાનર જેવું ચપળ મન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सच्चारित्र्य.

શાર્દૂલવિક્રીડિત છંદ.

સચ્ચારિત્ર્ય પવિત્ર ચિત્ત ધરજે ચાહે પ્રતિષ્ઠા યદિ,
ગંગા નીર તરંગ તુલ્ય યશનું શ્વેતત્વ ચાહે યદિ;
કીર્તિ ભેદી નભેંદુ સ્વર્ગ મહિમા પાતાળમાં પેસતી,
જ્યાં ત્યાં વાસ પ્રસારતી વિચરતી સામિપ્ય સેવે સતી. ૧

* * * *

સચ્ચારિત્ર્ય પવિત્ર નીર ઝરણે અજ્ઞાન ધોવાય છે,
ભેળાયેલ અનેક દુઃખ ભરતું દૌર્ભાગ્ય ખોવાય છે;
સારાસાર વિચાર વારિ વિમળે ક્રિડા બહુ થાય છે,
સૌજન્યાદિ સુશાલ સદ્‌ગુણ ગીતો દેવો સદા ગાય છે. ૨

* * *

દેવોને પણ કષ્ટપ્રાય સહજે આ માનવી મેળવે,
જો ઇચ્છા હૃદયે સુસંગ ધરજે તે મેળવી કેળવે;
એવું એક પછી નહિ જગતમાં માગ્યું નહિ મેળવે,
કિં કિં કિં બહુના રતિ વિરતિથી આનંદને હેળવે. ૩

ભીખાભાઇ છગનલાલ શાહ.

# सूक्तमुक्तावळी.

(અનુસંધનાન પૃષ્ઠ ૧૦૫ થી.)

## સાધુ ધર્મના સ્વરૂપનું સંક્ષેપ કથન.

(શાર્દુલવિક્રિડિત)

જે પંચવ્રત મેરૂભાર નિવહે નિઃસંગ રંગે રહે,
પંચાચાર ધરે પ્રમાદ ન કરે જે દુઃપરિસા[1] સહે;
પાંચે ઇંદ્રી તુરંગમા વશ કરે મોક્ષાર્થને સંગ્રહે,
એવો દુષ્કર સાધુ ધર્મ ધન[2] તે જે જયું ગ્રહે ત્યું વહે. ૭૩

(માલિની)

મયણરસ[3] વિમોડી, કામિની સંગ છોડી,
તજિય કનકકોડી, મુક્તિશું પ્રીતિ જોડી;

૧ આકરા પરિસહો. ૨ ધન્ય. ૩ કામદેવ સંબંધી રસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ ભવ ભય વામી, શુદ્ધ ચારિત્ર પામી,
ઈહ જગ શિવગામી, તે નમો જંબુસ્વામી. ૭૪

ભાવાર્થ—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પાંચ મહાવ્રતો રાત્રિભોજનના સર્વથા નિષેધ સહ પાલન કરવા રૂપ મેરૂપર્વતનો ભાર જેઓ નિર્વહે છે, દ્રઢ વૈરાગ્યના રંગથી જેમનું હૃદય રંગાઈ ગયેલું હોવાથી નિ:સ્પૃહભાવે જે આનંદમાં ગરકાવ રહે છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યને અનુકૂળ આચાર–વિચારને જે ધારણ કરી રહે છે, મદ્ય, વિષય, કષાય, આળસ અને વિકથારૂપી પાંચ પાપી પ્રમાદનો જે ચીવટથી ત્યાગ કરે છે, ક્ષુધા તૃષા શીત ઉષ્ણતા પ્રમુખ બાવીશ પરિસહો પૈકી જે જે કઠણ પરિસહો આવી પડે તે તે અદીનપણે સમભાવે જે સહન કરે છે, અને ચક્ષુ શ્રોત્રાદિક પાંચે ઇન્દ્રિયોરૂપી અવળા ઘોડાઓને જ્ઞાન લગામવડે નિજ વશમાં રાખી જે મહાનુભાવ મુનિજનો સંયમમાર્ગને સાવધાનપણે સેવે છે તે અનુક્રમે સકળ કર્મ–મળનો ક્ષય કરી મોક્ષપદને મેળવી શકે છે. આવો દુષ્કર સાધુધર્મ દ્રઢ વૈરાગ્યથી આદરી જે તેને સિંહની પેરે શૂરવીરપણે પાળે છે તે ભાગ્યશાળી ભાઈ બ્હેનો ખરેખર ધન્ય–કૃતપુન્ય છે. ૧.

શૃંગાર રસનો અનાદર કરી, આઠ પદ્મિનીનો સંગ છોડી, ૯૯ ક્રોડ સુવર્ણનો ત્યાગ કરી, કેવળ મુક્તિ સાથેજ લય લગાડી અને શુદ્ધ ચારિત્ર–ધર્મને સદ્ગુરૂ પાસેથી પ્રાપ્ત કરી, જન્મ મરણનો ભય દૂર કરી એજ ભવમાં જે પરમાનંદપદ–મોક્ષને પ્રાપ્ત થયા એવા શ્રી જંબૂસ્વામી મહામુનિને અમારો વારંવાર નમસ્કાર હો ! ! એ મહામુનિ સાધુધર્મના એક ઉત્તમ આદર્શ ( Ideal ) રૂપ હોવાથી એમનું ઉત્તમ ચારિત્ર મુમુક્ષુજનોએ વારંવાર મનન કરી પરિશીલન કરવા યોગ્ય છે. ધન્ય છે એ મહામુનિને કે જેમણે પોતાના પવિત્ર ચારિત્રના પ્રબળ પ્રભાવથી પ્રભવાદિ પાંચસો ચોરોને પણ પ્રતિબોધી પરમાર્થ માર્ગમાં પ્રયોજી દીધા. જો આવા પુરૂષાર્થી મહામુનિઓનાં પવિત્ર ચારિત્ર તરફ મુમુક્ષુજનો સદાય દ્રષ્ટિ રાખે તો આજકાલ દ્રષ્ટિગત થતી સાધુધર્મમાં શિથિલતા શીઘ્ર દૂર થવા પામે અને પુન: પ્રબળ જ્ઞાન વૈરાગ્ય જાગૃત થતાં સાધુધર્મ દીપ્તિમાન થવા પામે. ૨ ઇતિશમ્.

## શ્રાવકધર્મના સ્વરૂપનું સંક્ષેપ કથન.

( શાર્દૂલવિક્રિડિત )

જે સમ્યક્ત્વ લહી સદા વ્રત ધરે સર્વજ્ઞ સેવા કરે,
સંધ્યાવશ્યક[1] આદરે ગુરૂ ભજે દાનાદિ ધર્માચરે;

૧ બે ટંક પ્રતિક્રમણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્યે સદ્ગુરૂ સેવનાવિધિ ધરે એવો જિનાધીશ્વરે,
ભાખ્યો શ્રાવકધર્મ હોય દશધા[2] જે આદરે તે તરે. ૭૫

(માલિની)

નિશિદિન જિનકેરી, જે કરે શુદ્ધ સેવા,
અણુવ્રત ધરી જે તે, કામ આનંદ દેવા;[3]
ચરમ જિનવરિંદે, જે સુધર્મે સુવાસા,
સમકિત સતવંતા, શ્રાવકા તે પ્રશંસ્યા. ૭૬
ઇમ અરથ રસાળા, જે રચી સૂક્તમાળા,
ધરમનૃપતિ બાળા, માલિની છંદ શાળા;
ધરમમતિ ધરંતા, જે ઇહાં પુણ્ય વાધ્યો,
પ્રથમ ધરમકેરો, સાર એ વર્ગ સાધ્યો.

શુદ્ધ દેવ ગુરૂ અને સર્વજ્ઞ વીતરાગ કથિત ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધારૂપ સમકિત ગ્રહણ કરી જે વ્રત નિયમોને આદરે, સર્વજ્ઞ દેવની સેવા ભક્તિ કરે, સંધ્યાવશ્યક (પ્રતિક્રમણ સામાયિક પ્રમુખ) આદરે, પૂજ્ય-વડીલ જનોની ભક્તિ કરે, દાનાદિ ધર્મનું સેવન કરે, અને સદાય સદ્ગુરૂની વિધિવત્ સેવના કરે, એ રીતે શ્રી જિનેશ્વર ભાષિત દ્વાદશ વ્રતરૂપ ધર્મ જે મહાનુભાવ શ્રાવકો આદરે તે સ્વર્ગાદિકનાં સુખ અનુભવી અનુક્રમે મોક્ષસુખ પામે. ૧

જે સદાય શુદ્ધ ભાવથી જિનેશ્વર દેવની સેવા ભક્તિ કરે અને પ્રભુના પવિત્ર ઉપદેશ અનુસારે ગૃહસ્થ યોગ્ય અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતને ધારે, તે ચરમ તીર્થંકર શ્રી મહાવીર દેવે પ્રશંસેલા, અને સદ્ધર્મે વાસિત થયેલા આનંદ કામદેવ પ્રમુખ ઉત્તમ સમકિતવંત અને સત્ત્વવંત શ્રાવકોની પેરે પ્રશંસાપાત્ર થાય છે. ૨

જે સદ્ગુરૂનો સમાગમ કરી વિનય-બહુમાન પૂર્વક તત્ત્વ શ્રવણ કરે છે અને નિજ હિત કર્તવ્યનો નિશ્ચય કરી સન્માર્ગનું સેવન કરે છે તે શ્રાવક કહેવાય છે. અથવા શુદ્ધ શ્રદ્ધા, સદ્ વિવેક અને સત્ ક્રિયાનું જે યથાવિધિ સેવન કરે છે તે શુભાશયો શ્રાવકની ખરી પંક્તિમાં લેખાય છે. તથાપ્રકારનાં સદ્ગુણ વગર તે માત્ર દ્રવ્ય શ્રાવક હેવાય છે. શ્રાવક યોગ્ય ઉત્તમ ગુણોથી અલંકૃત હોય તે ભાવ શ્રાવક ગણાય છે. જે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં સ્વસ્વ અધિકાર અનુસારે વીતરાગ શાસનની ઉન્નતિ-પ્રભાવના કરવા તન મનથી પ્રવર્તે છે તે પરમ શ્રાવકની પંક્તિમાં લેખાવા યોગ્ય છે. સામાન્ય શ્રાવકોએ પણ વ્યવહાર શુદ્ધિ રાખવા, મિથ્યાત્વ વૃદ્ધિ-

૨ બાર પ્રકારનો. ૩ આનંદ ને કામદેવ શ્રાવક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારક ક્રિયા તજવા અને ગુણમાં આગળ વધવા અવશ્ય લક્ષ રાખવું જોઇએ. દશ દ્રષ્ટાન્તે દુર્લભ મનુષ્ય જન્માદિ ઉત્તમ સામગ્રી પામી પ્રમાદવશ પડી તેને નિરર્થક કરી નહિ દેતાં જેમ બને તેમ વિષય કષાયાદિ પ્રમાદાચરણ તજીને સુશ્રાવકને છાજે એવા આચાર વિચાર સેવવા ઉજમાળ થવું ઘટે છે. પૂર્વ પુન્ય યોગે પવિત્ર ધર્મના શુભ મનોરથ થાય તો તેને સફળ કરી લેવા જરૂર કાળજી રાખવી ઘટે છે, જેથી અત્યારે કરેલી હિત કરણી આગળ ઉપર ઘણીજ ઉપયોગી થઇ શકે. ઇતિશમ્.

## ઇતિશ્રી સૂક્તમુક્તાવલ્યાં પ્રથમ ધર્મવર્ગઃ સમાપ્તમ્.

---

# चार प्रकारनी जीवजातिने ओळखी, सुखना अर्थी जनोए तेमांथी लेवा योग्य धडो.

" જેવું ઇચ્છે પારકું, તેવું નિજનું હોય. "

" વૃક્ષ વૃષભ ને વ્યાઘ્ર વ્યાળ, એ ચારો જીવ જાત;
સાધુ સજ્જન સ્વાર્થી નીચ, એહી જગ વ્યવહાર.

ભાવાર્થ—૧ સંત સાધુ પુરૂષો વૃક્ષ જેવા ઉપકારક હોય છે. વૃક્ષને કોઇ છેદે, ભેદે, બાળે તેમ છતાં તે તો પોતાના સ્વભાવ મુજબ અન્યને ફળ, પુલ, શીતળ છાયાદિક આપી સંતોષે છે, તેમ સાધુજનોને કોઇ ઉપસર્ગાદિક કરે તો પણ તેઓ નિષ્કારણ બંધુ સમાન હોઇ અનેકધા અન્યનું હિતજ કર્યા કરે છે.

૨ સજ્જનો વૃષભ સમાન કહ્યા છે. વૃષભને જોઇતો ચારો પાણી મળે એટલે તેમાં સંતોષ રાખી પોતાથી બને તેટલો ધણીનો ભાર શાંતિથી વહ્યાજ કરે છે, તેવી રીતે સજ્જનો પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખી બની શકે તેટલું સ્વપરહિત નિજકર્તવ્ય સમજીને શાન્તિથી કર્યા કરે છે. તે કંઇ બીજાનો વાદ જોવા રહેતા નથી. અન્ય જનો નિંદા કરો કે પ્રશંસા કરો, માન આપો કે અપમાન કરો, પરંતુ સજ્જનો સદાય પોતાની સજ્જનતા દાખવે છે. સ્વકર્તવ્યચ્યુત થતાજ નથી. દુર્જનો નિષ્કારણ શત્રુતા રાખી સજ્જનોને સંતાપે, તોપણ તે કંટાળતા નથી; પરંતુ સુવર્ણની જેમ અધિકાધિક શુદ્ધતા ધારણ કરી સ્વપરહિત કર્યાજ કરે છે.

૩ સ્વાર્થી જનો વ્યાઘ્ર જેવા વિષમ–ભયંકર કહ્યા છે. વાઘને ભૂખ લાગી હોય ત્યારે તે ગમે તે ભક્ષ્ય ઉપર તૂટી પડે છે, તેવીજ રીતે સ્વાર્થીજનો પોતાનો સ્વાર્થ સાધવા જતાં બીજાનું બગાડવામાં કંઇ પણ ખંચાતા નથી. પોતાનો સ્વાર્થ આડો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતો ન હોય તોજ અને ત્યારેજ તે સીધા રહે છે–કોઇને કનડગત કરતા નથી.

૪ **નીચ–દુર્જનજનો વ્યાલ–સર્પ જેવા સ્વભાવેજ વક્ર–કુટિલ કહ્યા છે. સર્પને** દૂધ પાઈને ઉછેર્યો હોય તો પણ તેમાંથી કેવળ વિષનીજ વૃદ્ધિ થાય છે અને અનિષ્ટ પરિણામજ આવે છે. તેમ સ્વભાવેજ પરદ્રોહ કરનારા નીચ લોકોને ગમે તેટલા માન પાનથી નવાજ્યા હોય તોપણ તે તો પોતાના જાતિસ્વભાવ પ્રમાણે ઉલટા અનર્થજ ઉપજાવે છે, એમ સમજી શાણા માણસોએ એવા દુષ્ટ સ્વભાવના નીચ જનોને પુષ્ટિ મળે એવું કશું કરવુંજ નહિ. તેમની સોબત પણ કરવી નહિ. તેમના ઉપર હેત રાખવાથી તેમનાં નબળા કામને ઉત્તેજન મળે છે. તેમનાથી અળગા તટસ્થ રહીને બની શકે તેટલું સ્વપર હિત કરવા ઉજમાળ રહેવુંએજ ઉચિત છે. સાધુસંત તથા સજ્જનોની સોબત સદાય કર્તવ્ય છે. ઇતિશમ્.

# जैन तेमज जैनेतर दयाळु जनोए लक्षमां राखवा योग्य किंमती सूचनाओ.

આખી પૃથ્વીના દાન કરતાં એક જીવને જીવિતદાન દેવું વધારે કિંમતી છે. જ્ઞાનદાન–વિદ્યાદાન વળી એથી ચઢીયાતું છે, કેમકે તેથી જીવિત ઉન્નત બને છે. સ્વ પુત્રપુત્ર્યાદિક સંતતિને અભણ રાખનાર માતાપિતાદિક વડીલો શત્રુ સમાન છે. જેમણે કેળવણીનો સ્વાદ લીધો નથી તે તેની મીઠાશ શી રીતે જાણી કે પિછાણી શકે ? અત્યારે જે પુત્રપુત્ર્યાદિક રૂપે દેખાતાં હોય છે તે વખત જતાં પિતા માતા બની જાય છે. તે વખતે પ્રથમથી કેળવાયેલ પિતા દશ શિક્ષકની અને કેળવાયેલી શાણી માતા સો શિક્ષકની ગરજ સારે છે; તેમ છતાં કેળવણી તરફ પૂરતું લક્ષ કયાં દેવાય છે ? ગમે તે બાબતનું અધુરૂં શિક્ષણ બહુધા નુકશાનકારક નીવડે છે, એમ સમજી એક પણ ઉપયોગી બાબતનું બનતા સુધી સંપૂર્ણ સંગીન શિક્ષણજ આપવા પ્રબંધ કરવો જોઇએ. સો અધુરા અધુરા શિક્ષણ કરતાં એક સંપૂર્ણ શિક્ષણજ સારૂં. જો માતપિતાદિકમાં કેળવણીની ગંધ સરખો ન હોય તો તે બાળકોમાં કયાંથી આવી શકે ? બાળકોને શરૂઆતમાં તો માતપિતાના ઉત્સંગમાંજ રમવાનું હોય છે. જો માતપિતા પોતે કેળવાયેલા હોય તો તેનો લાભ બાળકોને સહેજમાં આપી શકે. શરીરનું આરોગ્ય શી રીતે સચવાય એવા નિયમોનું પાલન કરી જાત અનુભવ મેળવ્યો હોય એવા માતપિતાદિક વડીલો તરફથીજ બાળકોના આરોગ્ય સાચવવાની રૂડી આશા રાખી શકાય, પણ તેમાં બેદરકાર રહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર તરફથી તેવી આશા રાખવી વ્યર્થ છે. નીતિના રૂડા નિયમો બરાબર સમજી જેમણે વર્તનમાં ઉતાર્યા હોય તેવાં માતપિતાદિક વડીલો તરફથીજ બાળકો ઉપર બચ્ચપણથી નીતિના રૂડા સંસ્કાર પડવાની સારી આશા રાખી શકાય. અન્યથા તેવી આશા રાખવી ફોગટજ છે. શ્રદ્ધા, ભક્તિ, ક્ષમા, મૃદુતા, કોમળતા, સરલતા, સંતોષ, ચિત્તપ્રસન્નતા અને ગંભીરતાદિક દિવ્ય ગુણોવડે જેમણે પોતાનાં હૃદયને પવિત્ર કર્યું હોય એવા માબાપાદિક વડીલ જનો તરફથીજ પોતાના વ્હાલાં બાળકોને તેવો ઉત્તમ વારસો મળવાની આશા રાખી શકાય, તે સિવાય તેવી આશા રાખવી નકામી જાણવી.

બાળકોને બચપણમાં કેળવણીના જેવા સંસ્કાર પડે છે તેવા ભાગ્યેજ પાછળથી પડી શકે છે. શાણો અને ખંતીલો માળી યોગ્ય કેળવણીથી બાગ બગીચાને સંભાળી ઉછેરે છે તો તેમાંથી જેમ મનમાન્યાં મીઠાં મધુરાં અને સુગંધી ફળ ફૂલાદિક નીપજાવી શકે છે તેમ શાણા અને સુઘડ હોંશીલા માબાપાદિક ધારે તો પોતાના સંતાનોને સદ્ગુણશાળી બનાવી શકે અને સ્વપર અનેક ભવ્યાત્માઓને એ રીતે કલ્યાણ સાધવામાં મદદગાર બની શકે. ઇતિશમ્.

## શ્રીમતી.

( પ્રયોજક. દફતરી નંદલાલ વનેચંદ હાલ—ધોરાજી.)

જંબુદ્વીપના આભૂષણ રૂપ ભારત વર્ષને વિષે **પોતનપુર** નામે એક નગર હતું. તેમાં ગુપ્તશ્રેષ્ઠ નામે એક શ્રાવક રહેતો હતો. તેને **શ્રીમતી** નામે એક પુત્રી હતી. તે રૂપ અને ગુણથી ભરપૂર તથા ધર્મશાસ્ત્રના અભ્યાસવાળી હતી. એનુ લગ્ન તેજ નગરમાં એક મિથ્યાદૃષ્ટિ શેઠના દીકરા સાથે થયું હતું. તેના સાસરીઆ અન્ય ધર્મના હોવાથી સૌ તેનાપર અભાવ રાખતા. તેની સાસુ નણંદ વિગેરે તેના તરફ ઇર્ષ્યાની નજરથી જોતા, તેનો પતિ તેનાપ્રત્યે તિરસ્કારભાવ બતાવતો, તો પણ શ્રીમતી ડગ્યા સિવાય નિરંતર પંચપરમેષ્ટી મંત્રનું સ્મરણ કર્યા કરતી હતી.

એક વખત તેના પતિને બીજી સ્ત્રી પરણવાની ઇચ્છા થવાથી તે શ્રીમતીને મારી નાખવાનો ક્રૂર વિચાર કર્યો; તેટલા માટે તેણે એક મજબૂત ઘડો લઇ તેમાં એક સર્પ પૂરીને તેનું મોઢું બાંધી લીધું. અને તે ઘડો ઘરમાં લાવીને યોગ્ય જગ્યાએ મૂક્યો. પછી પોતે નાહીને દેવસેવા કરવા બેઠો. થોડી વારે શ્રીમતીને આજ્ઞા કરી કે ‘ ઘરમાં અમુક સ્થાને એક ઘડો મૂકેલો છે, તેમાં પુષ્પો ભરેલાં છે, તેનું મોઢું છોડીને થોડાં લાવી આપ. ’ પતિની આજ્ઞા થતાં શ્રીમતી તત્કાળ ઉઠી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને નવકાર મંત્રનું સ્મરણ કરતી ઘરમાં પેઠી. ભયસ્થાનથી નહિ બ્હીનારી અને જ્ઞાનવડે પ્રકાશિત હૃદયવાળી શ્રીમતીએ ઓરડામાં જઇને ઘડાનું મ્હોં છોડી જરા પણ સંકોચ વગર પુષ્પ લેવા માટે ઘડામાં હાથ નાંખ્યો, તો સાપને બદલે પુષ્પો હાથમાં આવ્યા. તે લઇને પોતાના પતિના હાથમાં મૂકયાં. આથી તેનો પતિ આશ્ચર્ય પામ્યો અને સર્પવાળો ઘડો જોવા જાતે ઉઠ્યો. પાસે જઇને જુએ છે તો તેમાં સર્પને બદલે સુગંધી પુષ્પો દીઠાં. એથી તે પસ્તાવો કરી શ્રીમતીની માફી માગવા લાગ્યો. પછી તેણે આ આશ્ચર્યકારક વૃત્તાંતના ખબર સર્વ કુટુંબને તથા ગામના બીજા લોકોને આપ્યા, તેથી સર્વ શ્રીમતીના વખાણ કરવા લાગ્યા અને શ્રી જૈન ધર્મનો આવો પ્રબળ પ્રભાવ જોઇ સઘળાઓએ તેનો સ્વીકાર કર્યો, તેમજ તે સૌ શ્રી પંચપરમેષ્ઠી મહામંત્રના આરાધક થયા. છેવટે શ્રીમતી તેના પતિ સહિત આયુષ્ય પૂરૂં થયે મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થઇ. ત્યાંથી ચ્યવી પરમપદને પામશે.

# ધાર્મિક સાહિત્યમાં વિકાર એટલે શું ?

મુંબઇ માંગરોલ જૈન સભામાં "ધાર્મિક સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" એ વિષય ઉપર જૈનધર્મના સાહિત્ય અભ્યાસી પંડિત બહેચરદાસે ભાષણ આપેલું છે, જે જૈન પત્ર અને જૈન રીવ્યુ માસીકમાં પ્રગટ થયું છે; તેથી શ્રદ્ધાળુ જૈનોમાં અગત્યની ચર્ચા જન્મ પામી છે. તે ઉપરથી પ્રમુખ તરીકે કાર્ય બજાવનાર મી. મોતીચંદભાઇ કાપડિયા સોલીસીટરે પોતાની નોંધ તા. ૧૮-૬-૧૯ ના જૈન પત્રમાં પ્રસિદ્ધ કરી છે.

આ જગ્યાએ ખાસ એ જણાવવાની જરૂર છે કે આ ભાષણના અંગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને કાંઈ સંબંધ નથી એમ મી. કાપડીયા સાહેબ જણાવે છે. તે ખુલાસો ઘણો વેળાસરનો છે; તો પણ એટલું જણાવવાની અગત્ય છે કે શ્રી મહાવીર વિદ્યાલય જેવી મોભાદાર સંસ્થાની સાથે સંબંધ ધરાવનાર જૈન અને જૈન સાહિત્યના સંબંધમાં કેવા વિચાર જણાવે છે. અને તેમના સહવાસમાં આવનાર વિદ્યાર્થીઓના ઉપર ભાવી કેવા સંસ્કાર પડશે તે તે ખાતાને આર્થિક સહાય કરનાર જાણવાની ઇંતેજારી રાખે એ સ્વાભાવિક છે. તેઓના નાણાનો કેવો ઉપયોગ થઇ ભાવી જૈનકોમને કેવો ફાયદો થશે એ સંબંધે જૈન પ્રજાના મનમાં કંઇપણ વિચાર ઉત્પન્ન નહિ થાય અને તેઓ ઉપરના ખુલાસાં માત્રથીજ સંતોષ પામશે એમ જો શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકોના વિચારમાં હોય તો તેમની એ માન્યતા

**ભૂલ**—અંક પાંચમામાં પૃષ્ટ ૯૯ થી ૧૩૮ કરેલા છે તે ૧૩૧ થી ૧૭૦ જોઇએ. આ અંકના પેલા ફારમમાં ૧૭૧ થી ૧૭૮ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે હું મળતો થઇ શકતો નથી. દરેક મોભાદાર સંસ્થાની સાથે સંબંધવાળાના વિચાર અને આચાર કેવા પ્રકારના છે તે કોઇ પણ ઠેકાણે જોવામાં અને જાણવામાં આવે તો તેની સારી અથવા માઠી અસર તેમની સાથે સંબંધ રાખનારી તમામ વ્યક્તિઓને થયા સિવાય રહેતી નથી.

પંડિત બહેચરદાસ તેમની પોતાની માન્યતા મુજબ તેઓ જૈન ધર્મના ખાસ પ્રેમી હશે, તેથી અજવાળું પાડવા માટે તેઓ પોતાના વિચાર ગમે તેવા બહાર પાડે તો પણ સમાજ તેમના વિચારોને સંમત થઇ શકતી નથી.

પંડિત બહેચરદાસે અત્યાર સુધીના અભ્યાસ અને અનુભવને અંગે જૈન-ધર્મ અને તેના સાહિત્ય સંબંધે સત્ય શું શોધી કાઢ્યું અને સારૂં શું જોયું એ જો એક વખત સમાજના આગળ મૂકી પછી આ વિષય હાથમાં લીધો હોત તો તેમના પોતાના સંબંધમાં ઘણું માન ઉત્પન્ન કરનાર થાત એમ મારૂં માનવું છે.

વ્યાખ્યાનકારે ધાર્મિક સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ એ વિષય ઉપર પોતાનો અભિપ્રાય દર્શાવતાં પહેલાં જૈન ધાર્મિક સાહિત્યનું મૂળ શુદ્ધ સ્વરૂપ કેવું હતું તે બતાવી તેમાં કેટલે અંશે વિકાર દાખલ થયો છે એ બતાવવું જોઇએ. મૂળ સાહિત્યના સત્ય સ્વરૂપ સંબંધે તેઓનો પોતાનો મત પ્રસિદ્ધ કર્યા સિવાય અને સાહિત્યનું શુદ્ધ સ્વરૂપ બતાવ્યા સિવાય શું વિકાર તેમાં દાખલ થયો તે જોઈ શકાય નહીં.

દરેક દર્દીના શરીરમાં શું શું વિકારો દાખલ થયા છે તે નક્કી કરતી વખતે વિકારો દાખલ થયા પહેલાં દરદીની તનદુરસ્તી કેવા પ્રકારની હતી તે ચિકિત્સા કરનારે જાણવું જોઇએ ને તે જાણે તો જ દર્દીના શરીરમાં નવીન વિકારો દાખલ થયા હોય તેનો નાશ કરવા માટે દવાની યોજના તે કરી શકે. દરદીની તંદુરસ્તીની પૂરી માહિતી મેળવ્યા સિવાય વિકારો નક્કી થઈ શકે નહીં. અને દવા કરીને દરદીને નિરોગી બનાવી શકાય નહીં. તેવી રીતે ધર્મના હિતચિંતકોએ પણ ધાર્મિક સાહિત્યનું શુદ્ધ સ્વરૂપ કેવું હતું અને તેમાં કયા કયા વિકારો કયારે કયારે અને કયાં કયાં દાખલ થયા છે અને તેના માટે શું શું ઉપાયો યોજવા જોઇએ તે બતાવવું જોઇએ. એવી રીતે જયાં સુધી વ્યવસ્થા થાય નહીં ત્યાં સુધી આગમના અભ્યાસીઓ માત્ર વિકારો દાખલ થયા છે એવી દલીલોજ કરે તેથી સમાજને કંઇ ફાયદો થવાનો નહીં, ઉલટો શુદ્ધ શ્રદ્ધાનમાં શિથિલતા આણવાનો એ પ્રબળ ઉપાય છે.

જૈન આગમ ચાર વિભાગમાં વહેંચાયેલું છે. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ. આ ચાર અનુયોગનો સંપૂર્ણ અભ્યાસ કરી મી૦ બહેચરદાસ પોતે આ વિકારો જણાવવાને તૈયાર હોય તો હું જાણવા માગું છું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યાનુયોગ સંબંધે તેમની શું માન્યતા છે? તે તેમણે પ્રથમ જણાવવું. આ ચાર વિભાગો જુદા જુદા છે અને દરેકનું સાહિત્ય પણ જુદું જુદું છે. તેમાંથી કોઇ એક વિભાગમાં વિકાર થયો છે કે ચારેમાં? ને ચારેમાં થયો હોય તો તે દરેકના મૂળ સાહિત્યનું સ્વરૂપ શું હતું? અને તેમાં કયે ઠેકાણે કેટલો વિકાર થયો છે, એની સ્પષ્ટતા કરવાની પ્રથમ જરૂર છે. તે જણાવવાની તેઓ તસ્દી લેશે તો તેથી અજવાળું પાડવાની તેમની અને તેમના વિચારોને મહાન્ ઇશ્વરી અવાજ તુલ્ય માનનારા પત્રકાર બંધુઓની જે જીજ્ઞાસા છે તે પૂરી થશે. એ પ્રમાણે થયા સિવાય તો અજવાળાના બદલે હાલમાં જે અજવાળું છે તેના ઉપર પડદો નાંખ્યા જેવું થશે. બીજા ધર્મવાળાના સાહિત્ય કરતાં આપણું સાહિત્ય સારૂં કહેવરાવવા માટેના વ્યામોહથી તેની પદ્ધતિનું આપણું સાહિત્ય લખાયેલું છે અને તે પરોપકાર બુદ્ધિથી લખાયલું છે. આમ કહેવાનો ઉદ્દેશ પંડિત બહેચરદાસનો હોય એમ રા. રા. મોતીચંદભાઇની નોટ ઉપરથી જણાય છે. ખરેખર પંડિત બહેચરદાસે પોતાનું ભાષણ યા વિચારો સંપૂર્ણપણે ફરીથી છપાવીને બહાર પાડવા જોઇએ, કે તે ઉપરથી તેમનો ઉદ્દેશ સમાજને જે રસ્તે દોરવાનો હોય તે સમાજના જાણવામાં આવે.

ભગવંત મહાવીરે પોતાનો અનુભવ કહ્યો એટલે શું? ભગવંત મહાવીરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું એમ પંડિતજી માને છે કે નહીં? એ તેમણે સ્પષ્ટ રીતે જણાવવું જોઇએ. ભગવંત મહાવીર દીક્ષા લીધા પછી બાર વરસ સુધી છદ્મસ્થાવસ્થામાં રહ્યા હતા અને તે વખતમાં તેઓએ ઘોર તપસ્યા કરી હતી. ઘોર પરિસહો સહન કર્યા હતા. તેને અંતે–પરિણામે તેઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તે થયા પછી તેમણે દેશના દેવાનો આરંભ કર્યો હતો, અને જગતના પદાર્થોનું જે સ્વરૂપ કેવળજ્ઞાનદ્વારા અનંતા તીર્થંકરોએ જોયેલું હતું તેજ તેમણે જોયું. પછી ગણધર મહારાજા જેઓ ચાર જ્ઞાનના ધરવાવાળા હતા તેમને જગતનું સ્વરૂપ સમજાવ્યું, ગણધરોએ સૂત્ર રૂપે ગુંથ્યું, એ સૂત્ર તે વખતના મહાન્ શક્તિવાળા માહાત્માઓ મુખપાઠે રાખતા, પછી જેમ જેમ કાળદોષ લાગવા માંડ્યો અને યાદશક્તિ કમતી થવા લાગી તેમ તેમ સૂત્રનો વિચ્છેદ થવા લાગ્યો, એટલે શ્રી વીરનિર્વાણ પછી લગભગ ૯૮૦ વર્ષે શ્રી વલ્લભીપુરમાં શ્રી દેવર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણ મહારાજે પુસ્તકારૂઢ કરી લખાવ્યું.

આ જૈન ધર્મના મહાન્ આચાર્યોનું સ્પષ્ટ કથન છે. આમાં સારૂં કહેવરાવવા ખાતર કે વ્યામોહ થવાથી આ સાહિત્ય લખાયું હોય એમ જણાતું નથી, છતાં પંડીત બહેચરદાસ તેમ માને છે તો તેના કારણો સંપૂર્ણપણે જણાવવાની તેમણે તસ્દી લેવી જોઇએ. લોકાલોકમાં રહેલ જીવાજીવ પદાર્થના યથાર્થ સ્વરૂપના વર્ણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નનો જેમાં મુખ્યત્વે ઉપદેશ છે તેનું સાહિત્ય ઉંચા પ્રકારનું કેમ ન હોય ? આવા સાહિત્યને માટે ભાષણકારને આશ્ચર્યકારક શું લાગે છે તે અમે સમજી શકતા નથી.

જૈન ધર્મની શરૂઆત ભગવંત મહાવીરથી થઇ કે તે પહેલાં તે ધર્મ હતો?

**મૂળ સ્થિતિ.** એ અગત્યના પ્રશ્નના સંબંધમાં પંડીત બહેચરદાસ શું અભિપ્રાય ધરાવે છે તે. તેમણે સ્પષ્ટપણે જણાવવું જોઇએ. કારણ કે જેમના હાથ નીચે અમારા વિદ્યાર્થી બંધુઓને ધાર્મિક શિક્ષણ મળવાનું છે અને જેમના શિક્ષણ ઉપર જૈન ધર્મની ભાવી ઉન્નતિનો આધાર રહેલો છે તેમનામાં કેવા સંસ્કારો શ્રી મહાવીર વિદ્યાલયમાં તેમના શિક્ષકો પાડશે તે જાણવાનો દરેક જૈન બંધુઓને પહેલો હક છે. જૈન ધર્મ ભગવંત મહાવીરના સમય પહેલાંથી આ ભારત વર્ષમાં તેમના પૂર્વે થયેલા ત્રેવીશ તીર્થંકરોના વખતથી છે, એટલે વૈદિક કાળ પહેલાંથી છે. એમ જૈનોની માન્યતા છે. તેના પુરાવામાં જૈન સાહિત્યમાં ઘણા સાધનો છે.

આત્માના વિકાસ માટે પ્રથમથી છેલ્લા પગથીયા સુધીનો માર્ગ તે ધર્મ. આવા મતલબની ધર્મની વ્યાખ્યા શાસ્ત્રકાર કરતા હોય એમ જણાય છે. આપણે તેમની એજ વ્યાખ્યા પકડીને ચાલીએ.

આત્મવિકાસ માટેના પહેલા પગથીયાથી છેલ્લા પગથીયા સુધીનો માર્ગ તે ધર્મ એમ છે ત્યારે આપણને જાણવાનો હક્ક છે કે આત્મવિકાસના પહેલા પગથીયા પહેલાં આત્માની સ્થિતિ કેવા પ્રકારની હોય છે તે સમજવા માટે સાહિત્યની જરૂર છે કે નહીં ? અને તે સંબંધે આપણા સાહિત્યમાં જાણવા જેવું કંઇ છે કે નહીં ? તે સાહિત્યમાં કંઇ વિકાર થયો છે કે યથાર્થ સ્વરૂપમાં છે ? તે પણ જાણવાની અગત્ય છે. અનાદિ નિગોદમાંથી નીકળીને જીવ વ્યવહાર રાશીમાં આવી અનુક્રમે અકામ નિર્જરાની મદદથી પંચેંદ્રિયપણું પામે છે અને ત્યાં સ્વયમેવ અથવા નિમિત્ત કારણ પામીને જીવ સમકિત પામે છે. તે આત્મવિકાસનું પહેલું પગથીયું છે. સમકિત પામવા પહેલાં એટલી હદે આવવા માટે જીવને શું શું સાધન કરવું પડે છે? એ સંબંધે જૈન દર્શનકારોએ જે વિચારો તેના સાહિત્યમાં બતાવેલા છે તે બરાબર શુદ્ધ છે કે તેમાં પણ કંઇ વિકાર દાખલ થયો છે? તે પંડિતજીએ જણાવવું જોઇએ.

ભાષણના વિષયને એવું તો નામ આપવામાં આવ્યું છે કે તેના સંબંધે કેટલી કેટલી બાબતોમાં ભાષણકારના વિચારો જાણવા તે સમજાતું નથી. પ્રથમ એ જાણવાની જરૂર છે કે ધાર્મિક સાહિત્યમાં શેનો શેનો સમાવેશ કરવાની ભાષણકારની ધારણા છે ? કેમકે તે જાણ્યા સિવાય સત્ય જાણવાની જીજ્ઞાસાવાળાએ અત્યંત વિશાળ સાહિત્યમાંથી પ્રથમ કયો વિષય જાણવાની મહેનત કરવી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મવિકાસના પહેલા પગથીયાથી ઉચ્ચ કોટીમાં છેલ્લા પગથીયા સુધી જવાની જીજ્ઞાસાવાળાએ શું શું સાધન કરવાની જરૂર છે અને એ સંબંધના સાહિત્યમાં પણ કંઇ વિકાર થયો છે કે વિકાર રહિત છે તે વિષે પણ તેઓ શો અભિપ્રાય ધરાવે છે તે જાણવાની જરૂર છે.

આશા રાખવામાં આવે છે કે ઉપર જણાવેલી બાબતોમાં પંડિતજી પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે જણાવશે.

**વકીલ નંદલાલ લલુભાઇ.**

વડોદરા–કોઠીપોળ.

નોટ—ઉપરના લેખને અંગે એક હકીકત સમાજની માહીતી માટે જણાવવાની જરૂર છે. મહાવીર વિદ્યાલયમાં પંડિત બેચરદાસને 'તત્ત્વાર્થાધિગમ' સૂત્ર ઉપર નોટ લખવા માટેજ રાખવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ કરાવવાનું કાર્ય તો શાસ્ત્રી વ્રજલાલજીના જ હાથમાં છે. પંડિત બહેચરદાસને વિદ્યાર્થીઓને ઉપદેશ આપવાનો કે અભ્યાસ કરાવવાનો નથી.

તંત્રી.

સુપાત્રદાન ઉપર

# मेघनाद राजा अने मदनमंजरी कथा.

( ભાષાન્તર કર્ત્તા:—પુરૂષોત્તમ જયમલદાસ મહેતા–સુરત. )

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં અનેક રમણીય દૃશ્યોથી પરિમંડિત **રંગાવતી** નામે નગર હતું. તે નગરમાં ન્યાયનીતિનિપુણ, પ્રજાપાલન દક્ષ, સદ્ગુણવૃન્દયુક્ત, અને પંડિત **લક્ષ્મીપતિ** નામે રાજા હતો. તે રાજાને સદ્ગુણવતી, વિનયશાલિની, પવિત્રાચારવતી અને પતિપરાયણ **કમળા** નામની રાણી હતી, તેઓને છત્રીશ દંડ યુદ્ધવિદ્યા જાણનાર, શબ્દવેધી કલાવિજ્ઞ, ધનુર્વિદ્યામાં કુશલ, પુરૂષયોગ્ય બહોંતેર કળામાં પ્રવીણ, સર્વ ભાષામાં નિપુણ, સર્વ વિજ્ઞાનિક તત્ત્વને જાણનાર **મેઘનાદ** નામનો કુમાર હતો. એક દિવસ તે કુમાર પોતાની સમાન વયના મિત્રો સાથે ક્રિડા કરવા માટે નગરની ઉદ્યાન ભૂમિકામાં ગયો. તે ઉદ્યાનમાં વિવિધ પ્રકારની ક્રિડામાં નિમગ્ન હતો તેવામાં ત્યાં કોઇ એક નવિન મુસાફર આવ્યો. તેને જોઇને કુમારે પૂછ્યું કે–'હે પાન્થ! તું ક્યાંથી આવ્યો છે અને કયાં જાય છે? તેં કાંઇ નવીન બનાવ જોયો કે સાંભળ્યો છે?' કુમારની આવી મૃદુ ને વિનીત વાણી સાંભળી મુસાફરે કહ્યું કે–'હે યુવરાજ! હું ચંપાપુરી નગરીમાં વસું છું અને શત્રુંજય તીર્થની પવિત્ર યાત્રા કરવા માટે જાઉં છું. ચંપાપુરીમાં **મદનસુંદર** નામનો રાજા રાજ્ય કરે છે, તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ પ્રકારના રૂપલાવણ્ય સંયુત **પ્રિયંગુમંજરી** નામની પત્ની છે. તેમને **મદનમંજરી** નામની અદ્ભૂત રૂપ લાવણ્ય નિધાન, યુવાવસ્થાને પ્રાપ્ત થયેલી, વિનયશાલિની એક કન્યા છે. તે કન્યાએ એવી દ્રઢ પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે કે જે પુરૂષ અષ્ટાંગ નિમિત્તવિદ્યા, શિલ્પકળા, સર્વ જીવની ભાષા અને ધનુર્વિદ્યા આદિમાં સંપૂર્ણ કુશલ હોય તેનીજ સાથે મારે પાણિગ્રહણ કરવું. અન્યથા કુમારાવસ્થામાં જીવન પર્યંત રહી નીતિમાર્ગે આયુ ગાળવું." આ પ્રમાણે કહીને મુસાફરે ત્યાંથી પોતાના માર્ગ તરફ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા માટે પ્રયાણ કર્યું.

મુસાફરના મુખથી ઉપરની વાત શ્રવણ કરી કુમાર તે સુંદરીના રૂપ લાવણ્ય અને કળાકુશળતાદિ ગુણોની અદ્ભૂતતા પર મોહિત થયો, અને ક્રિડા કરવામાં તેના ચિત્તની અસ્વસ્થતા બની ગઈ; તેથી ઉદ્યાનમાંથી એકદમ નીકળી પોતાને ઘેર ગયો; અને તેજ રાત્રિએ કુમારે કોઈને પણ જણાવ્યા સિવાય ચંપાનગરી તરફ પ્રયાણ કર્યું. અનેક દેશ, ગામ તથા નગરોમાં પરિભ્રમણ કરતાં તે એક નિર્જન અરણ્યમાં આવ્યો. તે કુમારે માત્ર પાદસંચારથી જ પરિભ્રમણ કર્યું હતું, તેથી રસ્તાના અપાર પરિશ્રમને લીધે તે થાકીને લોથપોથ થઇ ગયો હતો. એ કારણથી કિંચિત્ નિદ્રા લેવાને એક વૃક્ષની નીચે તેણે શયન કર્યું. થાક ઘણો લાગ્યો હોવાથી સૂતો કે તુરત નિદ્રાવશ થઇ ગયો. લગભગ મધ્ય રાત્રિના સમયે તે સ્થળે કુમારની નજદિક છ મહિનાનો ક્ષુધાતુર એક રાક્ષસ આવ્યો. તેણે કુમારને ઉંઘમાંથી જાગૃત કરીને કહ્યું કે-'હે મનુષ્ય! તું ત્હારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. હું ઘણા દિવસનો ક્ષુધાતુર આ અરણ્યમાં ભ્રમણ કરૂં છું, પણ કોઇ સ્થળે ભક્ષ્ય મળતું નથી. આજે અચાનક મ્હારા ભાગ્યોદયથી તું મળી આવ્યો છે, માટે હવે હું તને ખાઇ જઈશ અને મારા આત્માની તૃપ્તિ કરીશ.' રાક્ષસનાં આવાં ઉચ્છૃંખલ વચનો સાંભળી કુમારે નિડરતા પૂર્વક કહ્યું કે-'હે રાક્ષસપતિ! યદ્યપિ તું તહારા રાક્ષસ કુળને ઉચિત કાર્યનું આચરણ કરે છે, તથાપિ હું એક વાત કહું તે તું સાંભળ. હું હમણા ચંપાપુરીના રાજાની કન્યા મદનમંજરીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા જાઉં છું. તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરીને તેની સાથે લગ્ન કરવાની મારી ઇચ્છા છે. મારૂં કાર્ય સિદ્ધ થશે અથવા નહીં થાય તોપણ પાછો આ રસ્તેજ હું આવીશ. તે સમયે તારૂં ઇચ્છિત કાર્ય તું કરજે. આ મારી પ્રતિજ્ઞા સત્ય છે, તેમાં કિંચિત્ માત્ર ત્હારે સંશય કરવો નહિ.' કુમારના આવા નિર્ભય અને નમ્રતાયુક્ત વચનો સાંભળી તે રાક્ષસનું હૃદય તુરત પિગળી ગયું. તેણે કુમાર પ્રતિ કહ્યું કે-'હે સત્પુરૂષ! જો તારે મદનમંજરી સાથે લગ્ન કરવાની ઇચ્છા છે તો હમણા જા અને તારૂં કાર્ય સિદ્ધ કરી વળતાં અહીં આવજે. આ સ્થળથી પશ્ચિમ દિશામાં મારૂં નિવાસસ્થાન છે તે ઠેકાણે તારે આવવું.' એ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી રાક્ષસ પોતાને સ્થાને ગયો. કુમાર પણ ત્યાંથી નીકળી કેટલાક સમય બાદ ચંપાપુરીમાં આવ્યો.

ચંપાપુરીમાં પ્રવેશ કરતાંજ પરાક્રમી કુમારે નગરમાં વાગતા પડહની ઉદ્દઘોષણા સાંભળી અને તુરત તેણે તે પડહ ગ્રહણ કર્યો; એટલે નગરરક્ષકો કુમારને રાજસભામાં લઈ ગયા. ત્યાં રાજાએ સર્વ દેશમાંથી હજારો રાજાઓને સ્વયંવર મંડપમાં આમંત્રણ કરી બોલાવ્યા હતા. તેઓ પણ તે સમયે સભામાં ઉપસ્થિત હતા. રાજસભામાં દરેક રાજાઓની કળાની પરીક્ષા લેવાતી હતી. દરમ્યાન એવો બનાવ બન્યો કે-'કોઈ દુષ્ટે અચાનક કન્યાનું હરણ કર્યું.' આથી સર્વ કુટુંબવર્ગ ઉચ્ચ સ્વરથી રૂદન કરવા લાગ્યો. નાગરિક જનો પણ સર્વ શોકાકુળ બની ગયા. રાજા મંત્રી વિગેરે રાજસભામાં ઉપસ્થિત જનો પણ ચિન્તામાં ગરકાવ થઇ ગયા. આ સમયે મંત્રીએ રાજાને કહ્યું કે 'હે મહારાજ! કોઈ દુષ્ટ વ્યંતરે અથવા વિદ્યાધરે કે ભારંડ પક્ષીએ કન્યાનું હરણ કર્યું હોય તેમ જણાય છે, માટે અહીં વિવિધ દેશના રાજાઓ જે એકત્ર થયા છે, તેઓમાંથી જે કોઇ અષ્ટાંગનિમિત્ત બળથી જાણીને અને તે કન્યાના હરણ કરનારને જીતીને અહીં તે કન્યાને લાવશે તેને કન્યા આપવામાં આવશે. આ પ્રમાણે સર્વે રાજાઓને કહી જુઓ કે જેથી કોઇ પણ તેવો શક્તિવાન્ નીકળશે.' રાજાએ મંત્રીનું વચન યોગ્ય માની સર્વે રાજાઓને કહી જોયું, પરંતુ કોઇને પણ કન્યાનો પત્તો લાગે તેવો રસ્તો સુઝ્યો નહિ અથવા તેની પાછળ જવામાં પણ કોઈની શક્તિ ચાલી નહિ, તેથી સર્વ રાજાઓ વિલક્ષ થઇને પોતપોતાને સ્થાને પાછા ગયા.

ત્યાર બાદ રાજાએ મેઘનાદ કુમારને પૂછ્યું. ત્યારે કુમારે કહ્યું કે-'રાજન્! તમારી પ્રિય પુત્રીનું હેમાંગદ વિદ્યાધરે અપહરણ કરીને અહીંથી ઘણા દૂરતમ પ્રદેશમાં આવેલા રત્નસાનુ પર્વત પર મૂકેલી છે અને તેના રક્ષણાર્થે માયા વિદ્યાધારિણી એક ગીધ પક્ષિણીને સ્થાપન કરેલી છે. તે પક્ષિણી અનેકશઃ વિવિધ સ્વરોથી સ્વભાષાદ્વારા શબ્દોચ્ચાર કરે છે, અને જયારે તે પક્ષિણી 'અરે આવો, તમને કુશળ છે?' એવા શબ્દો તથા 'તમે જાઓ, જાઓ,' એવા ગુઢાર્થ પ્રતિભાસાત્મક શબ્દો કહે છે તે સમયે એ શબ્દો જે પુરૂષોની કર્ણેન્દ્રિયમાં પડે છે તે મનુષ્યો મુખમાંથી રૂધિર વમતા થઇ પૃથ્વીપર પડી મૂર્ચ્છિતાવસ્થામાં સ્તબ્ધ બની જાય છે અને તુરત મૃત્યુ પામે છે; એ કારણથી તે પર્વતપર કોઇ મનુષ્યો જવાને સામર્થ્ય ધરાવતા નથી, પરંતુ ત્યાં જવાનો એક ઉપાય છે. તે ઉપાયને જાણનાર મનુષ્ય યદિ ત્યાં જાય તો કાર્ય સિદ્ધ થાય તેમ છે. તે ઉપાયનું સ્ફોટન કરવાની પણ મ્હારે આ સમયે ખાસ આવશ્યકતા છે. જો કોઇ શબ્દવેધી બાણ મારી જાણનાર મનુષ્ય ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઇને તે પક્ષિણીનું મુખ બાણોથી પૂરિત કરી દેય તો તે પક્ષિણી ત્યાંથી ઉડીને નાશી જાય. ત્યારપછી આકાશગામી ગરૂડપર કન્યાને અત્રે લાવી શકાય. હું આ વિદ્યાને સંપૂર્ણાંશે જાણું છું માટે યદિ આપની આજ્ઞા હોય તો હું ત્યાં જઇ કાર્ય સિદ્ધ કરી સત્વર આપની સમક્ષ હાજર થાઉં.' કુમારનાં આવાં ચાતુર્યતાયુક્ત વચનો સાંભળી રાજા-મંત્રી વિગેરે અતીવ સંતોષિત થયા અને રાજાએ કુમારને ત્યાં જઇ પોતાની પ્રિય આત્મજાને તુરત લાવવાની આજ્ઞા આપી.

હવે કુમારે પ્રથમ પોતાની કળાથી ગગનગામી ગરૂડો બનાવ્યા, તેની ઉપર કેટલાએક સુભટોને બેસાડ્યા, અને પોતે પણ એક ગરૂડપર આરૂઢ થઇ રત્નસાનુ પર્વતપર ગયો. ત્યાં જઇ તેણે માયાવી પક્ષિણી તથા કન્યાને જોઇ. પક્ષિણીના વિરૂપ શબ્દ શ્રવણથી કુમાર સાથેના સર્વ સુભટો મૂર્છિત થઇ ભુમિપર પડ્યા. કુમાર તે પક્ષિણીનું મુખ શબ્દવેધિ બાણો વડે પુરી દઇને કન્યા પાસે ગયો. તેને સમ્યક્ રીતે આશ્વાસન આપીને પક્ષિણીના શબ્દ આકર્ણનનો અભાવ થવાથી ક્ષણવારમાં પાછા ચૈતન્ય પામેલા આત્મીય સુભટો સાથે કન્યાને લઇ કુમાર સ્વેપ્સિત કાર્યસિદ્ધિથી અધિક હર્ષવંત થતો તેમજ ભાવી મદનમંજરીની લભ્યતાના દીર્ઘ પરામર્શમાં નિમગ્ન થતો ચંપાપુરીમાં મદનસુંદર રાજા પાસે આવી પહોંચ્યો.

મદનસુંદર રાજા, રાણી, મંત્રી તથા પૌરજનો મદનમંજરીના આગમનથી અતીવ આનંદમુદ્રાયુત બન્યા. તથા કુમારની કૌશલ્યતાની ભારે પ્રશંસા કરવા લાગ્યા. મદનસુંદર રાજાએ પોતાની પ્રિય પુત્રીને નિર્વિઘ્ને લાવવામાં પરમ સહાયક મેઘનાદ કુમારના ઉપકારના બદલામાં પોતાની કન્યાનું કુમાર સાથે મ્હોટા ઉત્સવ પૂર્વક શુભ મુહૂર્તે લગ્ન કર્યું. મેઘનાદ કુમાર ચંપાનગરીમાં કેટલોક સમય મદનમંજરી સાથે ભોગવિલાસ ભોગવતો આનંદ પૂર્વક રહ્યો.

અન્યદા પોતાના શ્વસુર વિગેરેની આજ્ઞા લઇ મેઘનાદ કુમાર મદનમંજરીની સાથે પોતાના નગર તરફ જવા સૈન્ય સહિત ચંપાપુરીથી નિકળ્યો. અનુક્રમે પ્રયાણ કરતાં તેજ અટવીમાં આવ્યો કે જ્યાં પેલા રાક્ષસનું નિવાસસ્થાન હતું. ત્યાં આવી સૈન્યનો પડાવ નાંખીને રહ્યો. જ્યારે બરાબર રાત્રિનો સમય થયો ત્યારે સૈન્યના સર્વ માણસો ઘણો થાક લાગવાથી સૂઇ ગયા. તે સમયે રાક્ષસ પાસે કરેલી પ્રતિજ્ઞાનું કુમારને અચાનક સ્મરણ થઇ આવવાથી કુમારે મનમાં વિચાર કર્યો કે 'જો હું આ કન્યાને અત્રે મૂકીને જઇશ તો તેની બહુ દુઃખદ સ્થિતિ થશે. આ પતિપરાયણા સાધ્વી સ્ત્રી મ્હારા વિયોગદુઃખથી ઝુરી ઝુરીને મરણ પામશે. અને તેથી મને સ્ત્રીહત્યાનું મહાન પાતક લાગશે. હવે મ્હારે આ પ્રસંગે શું કરવું.' इतो व्याघ्र इतस्तटी એ ન્યાયાનુસાર અત્યારે હું બન્ને તરફના દુઃખથી ઘેરાઇ ગયો છું. કારણ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો આ સુંદરીને મૂકીને હું રાક્ષસ પાસે પ્રતિજ્ઞાપાલનાર્થે મ્હારા પ્રાણુને તજી દેવા જાઉં છું તો મ્હારી પાછળ આ સુંદરીની અતિ દુઃખમય સ્થિતિ થઇ જવાનો સંભવ રહે છે. તેમજ જો મેં કરેલી પ્રતિજ્ઞાનું પાલન નથી કરતો તો ક્ષત્રિયકુલોચિત ધર્મ સચવાતો નથી. આ સમયે મ્હારે કયો રસ્તો લેવો તે મને સુઝતું નથી.' એવી રીતે કુમારે દીર્ઘદૃષ્ટિપૂર્વક વિચાર કરી અન્તિમ નિર્ણય એજ બાંધ્યો કે-'જે થવાનું હોય તે થાઓ, પરંતુ મ્હારી કરેલ પ્રતિજ્ઞાનું અવશ્ય પાલન કરીશ; ક્ષત્રિયોચિત ધર્મને ત્યાગીશ નહિં. કહ્યું છે કેઃ—

दिग्गजकूर्मकुलाचल, फणिपति विधृतापि चलति वसुधाऽसौ ।
प्रतिपन्नममलमनसा, न चलति पुंसां युगान्तेऽपि ॥ १ ॥
अलसायंतेणवि सज्जणेण, जे अक्खरा समुच्चरिआ ।
ते पत्थरटंकुक्कीलियंव, न हु अन्नहा हुंति ॥ २ ॥
राज्यं यातु श्रियो यान्तु, यान्तु प्राणा विनश्वराः ।
या मया स्वयमेवोक्ता, सा वाग् मा यातु जातुचित् ॥ ३ ॥

તાત્પર્યઃ—આ પૃથ્વી કદાચ દિશાઓના હાથીઓ, કાચબો, મ્હોટા કુલપર્વતો અને ફણિધર સર્પથી ધારણ કરાયેલી છતાં ચળાયમાન થાય, પરંતુ સત્પુરૂષોએ અન્તઃકરણની નિર્મળતાથી અંગીકાર કરેલું વચન યુગાન્તે પણ ચળાયમાન થતું નથી. ૧ સજ્જન પુરૂષોએ બેભાન સ્થિતિમાં પણ જે શબ્દોનું ઉચ્ચારણ કર્યું હોય તે પત્થરપર કોતરેલા અક્ષરોની જેમ કદાપિ અન્યથા થતું નથી. ૨ રાજ્ય જાઓ, લક્ષ્મી જાઓ, અને વિનશ્વર પ્રાણો પણ ભલે ચાલ્યા જાઓ, પરંતુ જે મેં મારા મુખથી વચનો ઉચ્ચાર્યા છે તે કદાપિ ન જાઓ. ૩

આ પ્રમાણે વિચાર કરી સૈન્યના કોઇ પણ માણસો અથવા મદનમંજરી ન જાણે તેવી રીતે ધીમે ધીમે તે કુમાર રાક્ષસના ભુવન તરફ ગયો. મદનમંજરી પણ જાગી જવાથી છુપી રીતે કુમારની પાછળ પાછળ ગઈ. કુમારે રાક્ષસ પાસે જઈને કહ્યું કે—'હે રાક્ષસ! પ્રતિજ્ઞારૂપી જાળથી બંધાયેલ હું તારી પાસે આવ્યો છું, હવે તું તારી મરજીમાં આવે તેમ કર.' એમ કહી તે કુમાર રાક્ષસ સન્મુખ ઉભો રહ્યો. પછી રાક્ષસ જેવો કુમારને ભક્ષણ કરવા માટે તત્પર થાય છે તેટલે કુમારની પાછળ ગુપ્ત રીતે આવેલી મદનમંજરી 'તું મ્હારા પતિનો વિનાશ ન કર' એમ બોલતી બન્નેના વચ્ચે આવીને ઉભી રહી, અને રાક્ષસ પ્રતિ કહ્યું કે—'હે રાક્ષસેશ્વર! આ પુરૂષ મ્હારા પ્રાણપતિ છે, માટે તું એનો વિનાશ કરવાને બદલે મ્હારૂં ભક્ષણ કર અને એ અનેક જીવોનું કલ્યાણ કરનાર હોવાથી એ રાજાધિરાજને તું છોડી દે.' રાક્ષસે કહ્યું—'તું દૂર જા, સ્ત્રીઓનો વધ કરવો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમને રાક્ષસને પણ ઉચિત નથી.' રાક્ષસનાં આવાં વચન સાંભળી મદનમંજરીએ કહ્યું કે–' તેં કહેલ વાત યદ્યપિ સત્ય છે, તથાપિ મારા પતિનું મૃત્યુ થવાથી હું કયાં જાઉં અને શું કરૂં ? જેમ દુર્જન પુરૂષને આ લોક તથા પરલોક બંને નિરર્થક છે તેમ મ્હારે પણ પતિનો વિનાશ થવાથી પિતૃકુળમાં યા તો શ્વસુરકુળમાં–બંનેમાં રહેવું વ્યર્થ છે. વળી લોકો તરફથી મ્હારાપ્રતિ એવા તિરસ્કારનાં વચનો છુટશે કે આ સ્ત્રી ખરેખર માનુષી હોવા છતાં રાક્ષસી જણાય છે અને તેણેજ પતિનું ભક્ષણ કર્યું લાગે છે. આવું મ્હોટું કલંક મ્હારા પર આવી પડે તેમજ પતિ વિનાનું મહારૂં સર્વસ્વ જીવન પણ કલ્યાણમાર્ગમાં પસાર થાય કે નહિ તે સંશયગ્રસ્ત વાત છે, માટે સર્વ કરતાં શ્રેષ્ઠ ઉપાય તો એજ છે કે મહારા પતિને બદલે તું મારૂંજ ભક્ષણ કર કે જેથી મારે કોઇ પણ જાતનો પાછળથી વિચાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય નહિ, તેમજ પવિત્ર પતિસેવાની પણ યથાર્થ સાફલ્યતા થાય. જે સ્ત્રીઓ પતિસેવામાં યથાર્થ તત્પર રહેતી નથી તેઓનું જીવન તદ્દન નિષ્ફળજ ગણાય છે, અને આલોકમાં પણ તે નિંદાપાત્ર થઈ કુલટાના ઉપનામથી ઓળખાય છે.' આ પ્રમાણે કહી ' હા દુષ્ટ દૈવ ! મ્હારી શું સ્થિતિ થશે ' એવાં વચનો ઉચ્ચારતી મદનમંજરી એકદમ ઉચ્ચ સ્વરથી અશ્રુમોચન પૂર્વક રૂદન કરવા લાગી. મદનમંજરીના આવા કરૂણ સ્વરવાળા રૂદનથી પણ પાષાણહૃદયી રાક્ષસનું ચિત્ત કિંચિન્માત્ર આર્દ્રિત થયું નહિ. ત્યારબાદ રાક્ષસ પોતાના ભુવનમાં જઈને એક કચ્ચોલકરત્ન હાથમાં લઇને આવ્યો અને કચ્ચોલક રત્નના પ્રભાવને દર્શાવતાં મદનમંજરી પ્રતિ કહ્યું કે—' આ મણિમય કચ્ચોલકરત્ન દેવતાધિષ્ઠિત હોવાથી તેનામાં ફક્ત એક માંસ સિવાય ધન, ધાન્ય, મણિ, માણિકય, સુવર્ણ, વિવિધ પ્રકારના આભૂષણો, શોભાયમાન વસ્ત્રો, કર્પૂર, કસ્તુરી વિગેરે સુગન્ધી પદાર્થો એ વિગેરે સર્વ મનોવાંછિત વસ્તુસમુદાય આપવાનો મહાન્ પ્રભાવ છે. આ રત્ન મેં બાર વર્ષ પર્યંત જાપ કરી તેના અધિષ્ઠાતા નાગેંદ્રદેવને સંતુષ્ટ કરી તેની પાસેથી મહાકષ્ટે મેળવ્યું છે. યદ્યપિ આ રત્ન સર્વ ઇચ્છિત વસ્તુ અર્પે છે તથાપિ મને જન્માંતરના અભાગ્યપણાથી માંસાશનનું વ્યસન પડ્યું છે, તે આ રત્નથી મેળવી શકાતું નથી. મને છ માસથી માંસ બિલકુલ મળ્યું નથી તેથી હું ઘણો ક્ષુધાતુર છું. મ્હારા ભાગ્યયોગે આ એક પુરૂષ મળ્યો છે તો તેમાં પણ તું ત્હારા શરીરકલ્યાણને ન જોતાં અંતરાય કરે છે; માટે માંસલોભના કારણથી આ પુરૂષના બદલામાં તારા નિર્વાહને માટે હું આ કચ્ચોલક રત્ન તને અર્પું છું, તે તને નાગેંદ્રદેવના પ્રસાદથી સર્વ ઇચ્છિત વસ્તુ આપશે, માટે હવે તું તારા સ્થાનકે જા, કે જેથી હું પણ આ પુરૂષના માંસનું આસ્વાદન કરી મારા આત્માને તૃપ્ત કરી સ્વસ્થ થાઉં.' રાક્ષસ આં પ્રમાણે કહીને વિરામ પામ્યો, એટલે મદનમંજરીએ કહ્યું કે ' હે રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષપતિ ! તેં બહુજ સારો ઉપાય બતાવ્યો. જો કે આ રત્નથી મારા વાંચ્છિતની સિદ્ધિ થશે, તથાપિ દરેક વસ્તુ પરીક્ષા કરીનેજ ગ્રહણ કરવી જોઇએ. એવો ન્યાય હોવાથી હું જ્યાંસુધી તારી સમક્ષ આ રત્નના અધિષ્ઠિત દેવ પાસેથી કાંઇક વસ્તુની યાચના કરૂં ત્યાં સુધી એક ક્ષણવાર તું મ્હારા પતિનું ભક્ષણ ન કર.' મદનમંજરીનાં આવાં વચનો સાંભળી રાક્ષસ 'હવે આ પુરૂષનું ભક્ષ્ય મને શીઘ્ર મળશે' એવા વિચારથી અતીવ આનંદિત થયો અને કહ્યું કે 'હે કલ્યાણિ ! આ રત્નની તું પરીક્ષા કરી જો. મારૂં કહેલું કદાપિ અન્યથા થશેજ નહિ.'

પછી મદનમંજરીએ ચિત્તની નિર્મળતાપૂર્વક કચ્ચોલક રત્નને કહ્યું કે–' હે રત્નાધિષ્ઠાયક નાગેંદ્રદેવ ! મને જલ્દી પતિભિક્ષા આપો.' મદનમંજરીના વચનથી તે દંપતીના પુણ્યપ્રભાવે નાગેંદ્રદેવ પ્રત્યક્ષ થયો અને રાક્ષસને કહ્યું કે—' રે અધમ રાક્ષસ! તને આ વિચક્ષણા સ્ત્રીએ ઠગ્યો છે.' એમ કહી કુમારભક્ષણ માટે ઉદ્યત થયેલા રાક્ષસને નાગેંદ્રદેવે તુરત ચપેટામાત્રથી પ્રહાર કર્યો, એટલે તે રાક્ષસ મૃત્યુ પામ્યો. તદનંતર સંતુષ્ટ ચિત્તવાન નાગેંદ્રદેવે મેઘનાદકુમાર તથા મદનમંજરીને કહ્યું કે–' આ સર્વ ઇચ્છિતદાયક કચ્ચોલકરત્ન ઘોર ઉપસર્ગો સહન કરતાં છતાં તેમજ બાર વર્ષપર્યંત તપ, જપ, બ્રહ્મચર્ય, વનફલાહાર વિગેરે કરતાં છતાં પણ કોઇક પુરૂષનેજ હું આપું છું, સર્વને આપતો નથી. તમને તમારા પૂર્વ પુણ્યના પ્રભાવથી તપાદિ પરિશ્રમ વિનાજ પ્રાપ્ત થયું છે. આ રત્ન તમને જીંદગી પર્યંત સર્વ મનોભીપ્સિત વસ્તુ પૂરશે તથા તેના પ્રભાવથી મનુષ્યભવમાં પણ દિવ્ય ભોગાદિકની ઉપલબ્ધિ થશે.' એમ કહી નાગેંદ્રદેવ અદૃશ્ય થઇ ગયો. ત્યાર બાદ કુમાર પણ પોતાની પ્રિયા સહિત કચ્ચોલક રત્નને લઇને જે સ્થળે પોતાનું સૈન્ય નિદ્રાવશ હતું ત્યાં ગયો. હવે પ્રાતઃ સમયે તે દેવતાર્પિત રત્નને એક કરંડીયામાં સ્થાપન કરી સ્વ નગરી તરફ જવાને સૈન્ય સહિત કુમારે પ્રયાણ કર્યું. માર્ગમાં મજલ દરમજલ કરતાં જ્યારે બરાબર સન્ધ્યાસમય થયો ત્યારે એક નાનું ગામ આવ્યું. ત્યાં રાત્રિ પડવાથી તેમજ સર્વે થાકી ગયેલા હોવાથી પડાવ નાંખ્યો.

અહીં એક આશ્ચર્યકારક બનાવ બન્યો. જ્યારે ભોજન સમયે મેઘનાદકુમાર સ્વરસવતી ગૃહ નજીક ભોજનમંડપના તંબુમાં ગયો ત્યારે તેણે એકને ઠેકાણે બે મદનમંજરી જોઇ. તે બંનેના આકાર, રૂપ, લાવણ્ય, વેષ, ક્રિયા તથા વાણી એક સરખા જોઇ મેઘનાદ કુમાર તો સ્તબ્ધજ થઇ ગયો અને એકદમ વિચારમાં લીન થઇ ગયો કે–' અરે ! આ શું થયું. આ બન્ને સ્ત્રીઓ મહારા કુળને ઉચિત સર્વ ક્રિયા ત્રણ વખત દેવપૂજા, બે વખત આવશ્યક વિગેરે કરે છે. તો મારે હવે આ બેમાંથી કોને સત્ય મદનમંજરી અને કોને અસત્ય મદનમંજરી માનવી ?' એમ વિચાર કરી કુમારે પોતાના સૈન્યમાં પડહ વજડાવ્યો કે—' જે કોઇ બે મદનમંજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીમાંથી સત્ય કઇ છે તે ઓળખશે તેને કોટી સુવર્ણ પારિતોષિક તરીકે મહારા તરફથી આપવામાં આવશે તથા તેનું ઘણું સન્માન કરવામાં આવશે. આ પડહ સાંભળીને ત્યાં ઘણા પુરૂષો કૌતુક મિષથી એકત્ર થયા અને સર્વેએ સ્વબુદ્ધિબળથી અનેક ઉપાયો કર્યા, પરંતુ કોઇ પણ પોતાની બુદ્ધિથી સત્ય મદનમંજરીની પરીક્ષા કરી શકયો નહિ. પછી તેને ઓળખી શકવા કોઇ સમર્થ ન થવાથી મેઘનાદકુમારે તે બન્નેને એક પેટીમાં નાંખી પેટીને એક નાનું કાણું પાડયું. પછી કહ્યું કે 'જે આ આ છિદ્રદ્વારા બહાર આવશે તે સત્ય મદનમંજરી અને જે પેટીમાંથી બહાર નહીં નીકળી શકે તે અસત્ય મદનમંજરી તરીકે ઓળખાશે.' સત્ય મદનમંજરી તો માનુષી સ્ત્રી હોવાથી તે માર્ગે પેટીમાંથી બહાર આવવાને અશકત હોવાથી બોલી કે આ નાના છીદ્રદ્વારા હું કેવી રીતે બહાર આવી શકું. અસત્યાએ પણ માયાવીપણાથી એવુંજ કહ્યું. હવે મેઘનાદે નિર્ણય કર્યો કે 'મને પરનારી સંગનું પાતક ન લાગે એ કારણથી હું હમણા આ બન્નેને બહાર કાઢીશજ નહીં. કહ્યું છે કેઃ—

चत्वारो नरकद्वारा, प्रथमं रात्रिभोजनं ।
परस्त्रीगमनं चैव, सन्धानाऽनन्तकायिकं ॥

તાત્પર્ય—૧ રાત્રિ ભોજન, ૨ પરસ્ત્રી ગમન, ૩ બોળ અથાણું અને ૪ અનંતકાય ભક્ષણ એ ચાર નરકગતિની પ્રાપ્તિના કારણ છે. હવે બન્ને મદનમંજરી પેટીમાં રહીને નિરંતર રૂદન કરતી હતી. એ પ્રમાણે છ માસ વ્યતિક્રાન્ત થયા એટલે એક દિવસ સત્ય મદનમંજરીને સુબુદ્ધિ ઉત્પન્ન થવાથી તેણે એક યુકિત રચી. તેણે કચ્ચોલક રત્નને હાથમાં લઇને તેની પાસે યાચના કરી કે 'હે નાગેંદ્રદેવ! મને આ માયાવીનીનાં પાસમાંથી મુકત કરો.' મદનમંજરીના આવાં વચનથી નાગેંદ્ર શીઘ્ર પ્રત્યક્ષ થયો, અને માયાવિની મદનમંજરીને બહાર કાઢી. તદનંતર માયાવી મદનમંજરીએ પોતાના માયાવી રૂપનો ત્યાગ કરીને કહ્યું કે 'હે નાગેંદ્રદેવ હું ભ્રમરશીલા નામે વિદ્યાધરી છું. અને જેનો મેઘનાદ કુમારે વિનાશ કર્યો હતો તે રાક્ષસની બ્હેન છું. મારા ભાઇના મૃત્યુથી ક્રોધિત થઇ હું મેઘનાદનો કોઇ પણ ઉપાયે વિનાશ કરવા આવી હતી; પણ તે કુમારના અતી અદ્દભૂત રૂપ લાવણ્યથી હું તેના પર અતિશય અનુરાગીણી થઇ છું. મેઘનાદને પરનારીથી પરાઙમુખ જોઇ મેં મદનમંજરીનું રૂપ ધારણ કર્યું, અને આ સત્ય મદનમંજરીને દેશાંતર કાઢવા માટે મેં બહુ પ્રયાસ કર્યો, કિંતુ આ સતી સ્ત્રીને તેના શીયલવ્રતના પ્રભાવથી તેમજ સમ્યકત્વની દ્રઢતાથી કાંઇ પણ થયું નહિ. તેમજ મેઘનાદને પણ મેં હાવભાવ, વિભ્રમ, કટાક્ષબાણ, ભુભંગ આદિ અનેક લલિત ને મંજુલ ચેષ્ટાઓથી ક્ષોભ પમાડવાનો આરંભ કર્યો, પણ આ કુમારનું ચિત્ત કઠિન વજ્ર પરમાણુઓથીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘડાયલું હોવાથી કોઈ પણ રીતે ક્ષુબ્ધ થયું નહિ.' આ પ્રમાણે ભ્રમરશીલા વિદ્યાધરીએ પોતાનું વૃત્તાન્ત અથેતિ કહી નાગેંદ્ર, મેઘનાદ, તથા મદનમંજરી પાસે પોતાના અપરાધની ક્ષમા યાચી કુમારને ત્રણ લોકના વિજયને પ્રાપ્ત કરાવનાર એક હાર અર્પણ કર્યો. ત્યારબાદ તે રાક્ષસી સ્વસ્થાને ચાલી ગઇ. આવી રીતે ઉપસર્ગની શાંતિ થયા બાદ નાગેંદ્રદેવ પણ પોતાને સ્થાને ગયો. કુમાર પણ આનંદ પામ્યો સતો ત્યાંથી પ્રયાણ કરી સ્વનગરની ઉદ્યાનભૂમિકા નજદિક આવ્યો, અને પોતાના પિતા લક્ષ્મીપતિ રાજાને પોતાના આગમન સમાચાર એક માણસ દ્વારા મોકલાવ્યા. તેના પિતા પણ પુત્ર આગમનથી અધિક પ્રમોદને વહન કરતા સૈન્યસાથે કુમારની સન્મુખ આવ્યા. પોતાના પિતાને સન્મુખ આવતા જોઈ વિનિત કુમારે તેમની સામે જઇને નમસ્કાર કર્યો. પિતા–પુત્ર બન્ને ભેટયા અને અધિક હર્ષવંત બન્યા. મદનમંજરીએ પણ પોતાના શ્વસુરને કુળોચિત વિનયપૂર્વક પ્રણામ કર્યા. અપૂર્ણ.

## कर्म खपाववानुं प्रबळ साधन

## तप.

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને અનંતા ભવોમાં લાગેલા કર્મોનો સમૂહ એટલો બધો ગાઢ હોય છે કે તેને ખપાવવા માટે–આત્માથી અલગ કરવા માટે **તપ** જેવું બીજું એક પણ સાધન નથી. જો કે જ્ઞાનીઓ જ્ઞાનવડે ઘણા: કર્મો ખપાવી શકે છે અને ખપાવે છે, તો પણ નીકાચિત કર્મો કે જે પ્રાણીને ભોગવ્યા સિવાય છુટકો થાય તેવું ન હોય તેવાં કર્મો તપ કરવાવડેજ છુટી શકે છે. જ્ઞાનીઓને પણ તેને ખપાવવામાં અભ્યંતર તપ જે શુભ ધ્યાનાદિ છે તેનો તો આશ્રય લેવોજ પડે છે, પરંતુ અહીં ખાસ કરીને બાહ્ય તપ ઉપવાસાદિકનીજ મુખ્યતા છે; જો કે તેમાં પણ ક્ષમા વિગેરે ગુણોની સહાયની અપેક્ષા તો રહેલીજ છે.

પૂર્વે **શ્રી મહાવીર પરમાત્માએ** પોતાના ગાઢ કર્મો ખપાવવાને માટે **નંદનમુનિના** ભવમાં એક લાખ વર્ષ પર્યંત માસખમણ કર્યા હતા. **દૃઢપ્રહારીએ** પણ કર્મ ખપાવવા માટે તેનોજ આશ્રય લીધો હતો. **ઋષભદેવપરમાત્માએ** પણ તેજ કાર્ય પરત્વે વરસીતપ કર્યો હતો. બીજા અનેક મુનિઓ અને શ્રાવક શ્રાવિકાઓએ પૂર્વે તપ કરીને કર્મ ખમાવ્યાના દૃષ્ટાંતો સિદ્ધાંતોમાં ને ગ્રંથોમાં સંખ્યાબંધ દૃષ્ટિએ પડે છે.

અનાદિ કાળથી શરીરપર મમત્વ ધારણ કરી રહેલા આ પ્રાણીને તે મમત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડવો ઘણો મુશ્કેલ છે; અને શરીરપરનો મમત્વ છુટયા સિવાય તપ થઇ શકતો નથી. તપને માટે પણ કેટલાક જીવો અંતરાય બાંધીને આવેલા હોય છે, તેઓ એક ઉપવાસ જેટલો તપ પણ કરી શકતા નથી. જુઓ ! માત્ર એક ઉપવાસ કરવાથીજ શ્રીયક કે જે સ્થૂળભદ્રના લઘુ બંધુ થતા હતા તેણે પ્રાણ તજી દીધા હતા. કેટલાક જીવો તે અંતરાય ત્રોડીને આવેલા હોય છે, તેઓ સહેજે તપસ્યા કરી શકે છે. ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ તો તેમને મન રમત જેવા લાગે છે. પર્યુષણાદિ પર્વોમાં દર વર્ષ અઠ્ઠાઈ કરે છે અને કવચિત્ માસક્ષમણ જેવી મહાન્ તપસ્યા પણ કરે છે.

તપ સંબંધી અંતરાય ત્રોડવાના કારણ તરીકે તપસ્વીની ભક્તિ એ મુખ્ય સાધન છે. તપની અનુમોદના કરવી, તપસ્વીની પ્રશંસા કરવી, યથાશક્તિ તપના આગલા દિવસે અથવા તપના પારણાને દિવસે ઉત્તમ અન્નપાનાદિવડે તેની ભક્તિ કરવી, તપસ્યાના દિવસોમાં બની શકે તો તેમના અંગની શુશ્રુષા કરવી, કવચિત્ તપસ્યાના દિવસોમાં કે પારણું કર્યા પછી કોઇ તપસ્વીનું શરીર નરમ થઇ જાય તો તેમની ઔષધ પથ્યાદિવડે સંભાળ લેવી, તેમની આર્થિક સ્થિતિના ખબર મેળવી બની શકે તેવું ને તેટલું આલંબન આપવું યા અપાવવું-આ બધા તપસ્વીની ભક્તિના પ્રકાર છે અને તેના આરાધનવડે તપ સંબંધી અંતરાય ત્રુટે છે અને સહેજે સહેજે મુશ્કેલ જણાયા સિવાય તપસ્યા કરી શકાય છે.

જેઓ તપની અને તપસ્વીની હીલણા કરે છે, અબહુમાન કરે છે, 'તપ કરવાથી શું ?' એમ કહી તેમની અવગણના કરે છે, તપને લાંઘણની ઉપમા આપે છે, તપ કરનારની અનુમોદના કરવાને બદલે 'અમુક આશાએ તપ કરે છે' એમ ઉલટી તેમની અપભ્રાજના કરે છે, તપસ્વીની ભક્તિ કરનારના મન પણ મોળા પાડી દે છે-શિથિલ કરી નાંખે છે તેવા જીવો પોતે તપ કરી શકતા નથી, એટલુંજ નહીં પણ અન્ય કર્મબંધ કરવા સાથે તપમાં એવો અંતરાય બાંધે છે કે આગામી ભવે તેઓ સામાન્ય તપસ્યા પણ કરી શકતા નથી.

તપ કરવામાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવની અનુકૂળતા જોઇએ છીએ. નિરોગી અને દૃઢ શરીર એ દ્રવ્ય છે, સિદ્ધાચળ જેવું તીર્થ એ તેને માટે અનુકૂળ ક્ષેત્ર છે, પર્યુષણાદિ પર્વોના દિવસો એ અનુકૂળ કાળ છે અને તપધર્મ ઉપર અનુરાગ-એમ તે ભાવ છે. નિરોગી ને દૃઢ શરીરવાળાંજ વિશેષ તપ કરી શકે છે, સિદ્ધાચળાદિ તીર્થક્ષેત્રમાંજ વિશેષે તપ થઇ શકે છે, પર્યુષણાદિ પર્વોમાંજ વિશેષ તપ બની આવે છે અને તપધર્મ ઉપર જેને પ્રીતિ હોય છે તેજ વિશિષ્ટ તપ કરી શકે છે. સાધારણ દિવસોએ એક એકાસણું પણ નહીં કરનારાને પર્યુષણાદિ પર્વોમાં છઠ્ઠ અઠ્ઠમાદિ તપ કરતાં જોઇએ છીએ. પોતાના સ્થાનમાં જે સામાન્ય તપ પણ કવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્ કરતા હોય છે તે સિદ્ધાચળાદિ તીર્થક્ષેત્રમાં દીર્ઘ તપ કરી નાંખે છે. એમાં તીર્થનો અને પર્વનો મહિમા ખાસ નિમિત્ત કારણ છે, એટલું ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

ચાલુ વર્ષમાં સિદ્ધાચળ તીર્થે ઉત્તમ મુનિ મહારાજાઓની સારી સંખ્યા ચાતુર્માસ રહેલ છે. શ્રાવકભાઇઓ પણ સારી સંખ્યામાં ચાતુર્માસ રહેલ છે, તેમાં પણ ઉદાર દિલના કેટલાક શ્રાવકભાઇઓ આવેલા છે. ચાલુ વર્ષમાં પર્યુષણ પર્વને અંગે બહુ સારી તપસ્યાઓ ત્યાં થયેલી છે. તેની નોંધ એક બંધુએ કરી મોકલી છે તે આ નીચે પ્રગટ કરવામાં આવે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બે માસ | ૧ | દોઢ માસ | ૧૪ | માસ ખમણ | ૨ | એકત્રીશ ઉપવાસ |
| ૧ | ત્રેવીશ. | ૧ | એકવીશ | ૪ | સત્તર | ૫૮ | સોળ ઉપવાસ |
| ૧ | ચૌદ | ૧ | બાર | ૫ | અગ્યાર | ૧૨ | દશ ઉપવાસ |
| ૩૦ | નવ | ૯૧ | અઠ્ઠાઇ | | સાત, છ, પાંચ, ચાર ને અઠ્ઠમ પુષ્કળ. | | |

આ સંખ્યા વાંચતાં ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન થાય છે, અંતઃકરણ તેની અનુમોદના કરવા લલચાય છે અને એ તપસ્યા કરનારા જીવો ક્ષેત્ર ને કાળ ઉત્તમ પામીને અન્યત્ર અને અન્ય સમયે તેટલાજ તપથી જે ફળ પ્રાપ્તિ કરી શકત તે કરતાં બહુ વિશેષ ફળ પ્રાપ્ત કરવાના ભાગ્યશાળી થયા છે એમ અંતઃકરણ સાક્ષી પૂરે છે.

આ તપસ્યા કરનારનો મોટો ભાગ શ્રાવિકાઓનો છે એ હકીકત પણ ધ્યાનમાં લેવા યોગ્ય છે. પુરૂષ કરતાં સ્ત્રીઓ પ્રાયે સુકોમળ ગણાય છે, પણ તપ કરવામાં તે જાતિ તેવી સુકોમળ નથી–કઠોર છે–મજબુત છે. વળી શ્રાવિકાઓમાં પણ બહોળો ભાગ વિધવાઓનો હોવા સંભવ છે. તેઓજ આવો પ્રબળ તપ કરી ફરીને વૈધવ્ય દશા અથવા સ્ત્રીવેદ પ્રાપ્ત ન થાય એવી સ્થિતિ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય છે.

નાની યા મોટી કોઇ પણ તપસ્યા ક્ષમાયુક્ત અને નિરિચ્છ ભાવે કરવી કે જેથી તે પૂર્ણ ફળને આપનારી થાય. આ વાત દરેક તપસ્યા કરનારે ખાસ ધ્યાનમાં રાખવી. અન્ય આર્થિક લાભને તુચ્છ માનવો, તેવો લાભ તો સહેજે થશે, માટે તેવી કોઇ પ્રકારની ઇચ્છા ન રાખવી. એટલું સૂચવી આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विद्वान मुनिमहाराज प्रति प्रश्नो.

१ शुभ परिणामका, शुभ जोगका, शुभ अध्यवसायका तथा शुभ लेश्याका लक्षण क्या क्या है ?

२ शुभ परिणामका, शुभ अध्यवसायका, शुभ योगका, और शुभ लेश्याका मूल कारण कौनसा कर्मका कौनसा भाव है ?

३ मिथ्यात्वी जीव मिथ्यात्वका उदयसें कुदेव हरीहरादिकने, कुगुरुने, कुधर्मने वंदे-पूजे-सेवन करे तो उनकों पुन्यबंध होवे के नहीं ? पुन्यबंधके साथ साथ मिथ्यात्वको भी बंध हो तो हो, जीम सुदेवने नमस्कारशुं पुन्यबंध ओर समकितकी प्राप्ति होती है इसीतरां होगा.

४ १ श्रद्धा, २ मंतव्य, ३ मान्यता, ४ विश्वास, ५ आस्ता, ६ रुचि, ७ ख्याल, ८ समझ, ९ मानणो, १० निश्चय, ११ यही है, १२ एसेही है, १३ अन्य नहि है, १४ अन्य प्रकार नहि है, १५ मानीनता,-यह पनरह शब्द एक अर्थवाळा है की भिन्न भिन्न अर्थवाळा है ? जो एक अर्थवाळा पर्यायवाचक ही ज होवे जदि तो **श्रद्धा** शब्दको हीज अर्थ लीखो और जो शब्द भिन्न भिन्न अर्थवाळा होवे तो उण उण शब्दोका वह वह अर्थ कृपाकर लीखो.

५ अनुकंपाका लक्षण अर्थात् स्वरुप कांइ है ? और किसी कर्मरा कीसा भावसुं अनुकंपा गुण जीवमें उत्पन्न होता है ?

६ अनुकंपा गुण आत्मारो स्वाभाविक असली गुण है की विषय कषाय रुप तीव्र लोभमोहनीकी मंदता और धर्म अनुराग रुप लोभमोहनीका उदय और दानांतरायरा क्षयोपसमसें आत्मामें अनुकंपा गुण उत्पन्न होवे है ?

**एक जैन.**

જે વિદ્વાન આ પ્રશ્નોના ઉત્તર લખી મોકલશે તે આ માસિકમાં પ્રકટ કરવામાં આવશે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तकोंनी पहोंच.

## तीसरा कर्मग्रंथ ( बंध स्वामित्व )

( હિંદી ભાષાનુવાદ સહિત. )

શ્રી આત્માનંદ પુસ્તક પ્રચારક મંડળ–આગ્રા તરફથી પ્રથમ બે કર્મગ્રંથ બહાર પડ્યા હતા. હાલમાં ત્રીજો કર્મગ્રંથ બહાર પડ્યો છે. શ્રી દેવેંદ્રસૂરિ મહારાજે સ્વોપજ્ઞ ટીકા સાથે રચેલા પાંચ કર્મગ્રંથો પૈકી આ ત્રીજો છે, પરંતુ દૈવવશાત્ આ ત્રીજા કર્મગ્રંથની તેમની કરેલી ટીકા અલભ્ય થઇ ગઇ છે, તેથી એક આચાર્યે નાની અવચૂરી બનાવીને તે સ્થાનની શૂન્યતા દૂર કરી છે. આ હિંદી અનુવાદ કરતાં તે મંડળના કાર્યકર્ત્તાઓએ શંકા સમાધાન ઉપર બહુ સારૂં ધ્યાન આપ્યું છે. પ્રાચીન કર્મગ્રંથ, પંચ સંગ્રહ, લોક પ્રકાશ, તત્ત્વાર્થ ભાષ્ય અને કેટલાક સૂત્રોની ટીકાનો આધાર લઇને બની શકયા તેટલા સમાધાન કર્યા છે. કર્મગ્રંથ ઉપરના બંને ટબાનો આધાર પણ લીધો છે. ઉપરાંત દિગંબરાચાર્ય કૃત ગોમટસાર અને તત્ત્વાર્થની સર્વાર્થસિદ્ધિ ટીકાનું પણ અવલંબન લીધું છે. અન્ય દર્શનીના તો કોઇ પણ શાસ્ત્રમાં કર્મોનું સ્વરૂપ જૈન શાસ્ત્રો જેટલું તો શું પણ તેના અમુક ભાગનું પણ ન હોવાથી તેને માટે પાતંજળ યોગસૂત્ર અને યોગવાશિષ્ટ જોયા છે, પણ તેમાંથી આ હકીકત નીકળી શકી નથી. આ બુક વાંચતાં કાર્યકર્ત્તા પંડિત સુખલાલજીનો બહોળો અભ્યાસ સમજી શકાય છે. અનુવાદકારકો આવો પ્રયાસ ક્વચિતજ કરે છે. અમે તેમના કાર્યની ફતેહ ઇચ્છીએ છીએ અને આગળ કામ ચલાવી કર્મનો વિષય પૂર્ણ કરવાની ખાસ ભલામણ કરીએ છીએ. આ બુકની કિંમત રૂા. ૦॥ રાખેલ છે. આગ્રા–રોશન મહોલામાં પ્રકાશકને પત્ર લખવાથી મળી શકશે.

## उपदेश.

( આશાવરી. )

ફોગટ જનમ ગુમાયા અવધૂ (૨) જૂઠકું ચુન ચુન ખાયા—અવધૂ૦
જિન વચનકી પ્રાપ્તિ વિના નિત, ખોટા ખેલ ભજાયા;
પરકી આશા પરકી સંગત, ચિર કાળ વહાયા—અવધૂ૦
તેરા કોઇ નહિં તું કેરા, કાહે મોહ મચાયા;
નિજ રૂપ ગુણ પીછાણ ન કીયા, તો ફિર કયા તું કમાયા—અવધૂ૦
પંકજ જિમ રહો નિત ન્યારા, શ્રદ્ધા શુદ્ધ ધરાયા;
ચિદાનંદમેં મગન ભયા તબ, પદવી "અમર" લહાયા—અવધૂ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्फुटनोंध अने चर्चा.

આ અંક અમારા વાંચક બંધુઓના હસ્તમાં આવશે તે અવસરે મહાન પર્વાધિરાજ પર્યુષણ સંપૂર્ણ થયા હશે, સંવત્સરી પસાર થઇ ગઇ હશે, ગત અંકમાં સૂચવ્યા પ્રમાણે દરેક બંધુએ યથાશક્તિ ધર્મારાધન કર્યું હશે અને સરલભાવે ગતવર્ષના વૈરવિરોધ ખમાવી મિચ્છામિદુક્કડં આપી શાંત ભાવ ધારણ કર્યો હશે. વિચારના ભેદથી તથા સત્ય હકીકત પ્રકાશ કરવાના હેતુથી અમોએ આ નાના લેખોમાં ઘણા બંધુઓની લાગણી દુખાવી હશે. આ સર્વ બંધુઓની અમે પણ સરલભાવે ક્ષમા યાચીએ છીએ, અને ગતવર્ષના સર્વ વિરોધો શાંત ભાવથી સહી મોટા મનથી તેઓ અમને ક્ષમા આપશે તેવી આશા રાખીએ છીએ. ઘણી વખત સત્ય હકીકત નિષ્પક્ષપાતપણાથી પ્રગટ કરતાં પણ ઘણા મનુષ્યોનાં હૃદય દુખાવાનો પ્રસંગ બને છે. દોરંગી દુનિયામાં એક રંગ-એક સરખો ભાવ દેખાવો મુશ્કેલ છે. પત્રકારોને આવા પ્રસંગમાં જે મુશ્કેલી ઉભી થાય છે તે અનુભવનારજ સમજી શકે છે; અને સત્ય હકીકતો પ્રગટ કરતાં પણ અમુક વ્યક્તિનું દીલ તો દુભાયજ છે. આવી સ્થિતિ હોવાથી તેવા સર્વ બંધુઓની સંવત્સરી પ્રતિક્રમણાવસરે અમે ક્ષમા યાચી છે, અને સર્વ બંધુઓ તેવી ક્ષમા ઉદાર ભાવે અવશ્ય આપશેજ એવી અમારી ભાવના છે.

* * * * * * *

આખા વર્ષમાં જેમની સાથે પત્ર લખવાનો પણ વ્યવહાર થયો ન હોય તેવા બંધુઓ ઉપર પણ આ સમયે ક્ષમાપનાના પત્રો લખવાનો પ્રચાર ઘણો વધી ગયો છે. જૈન બંધુઓ અને બહેનો આ નિમિત્તે ઘણા પત્રો લખે છે. જો સરલભાવથી પત્રો લખાતાં હોય, વૈરવિરોધ સમાવાતાં હોય, ક્ષમા અપાતી હોય, કલેશ સમાવતા હોય-તો તો આવા પત્રો અવશ્ય ઉપયોગી ગણાય, પણ માત્ર વ્યવહાર સાચવવા ખાતર લખાતાં આ પત્રો વિશેષ અર્થ ધરાવતાં હોય તેમ અમને તો લાગતું નથી. શ્રાવકો કે શ્રાવિકાની બાબતમાં તો વ્યવહાર સાચવવાની જરૂર હોવાથી અને ભવિષ્યમાં કદાચ આવાં પત્રો સંબંધસૂચક હોઈ ઉપયોગી થતાં હોવાથી ક્ષમાપના નિમિત્તે લખાતાં આવાં પત્રો તેટલા પ્રમાણમાં પણ જરૂરનાં છે, પણ શ્રાવક-શ્રાવિકાઓ સાથે સાધુ તથા સાધ્વીસમુદાયે પણ આ વ્યવહાર બહુ વધાર્યો છે તે તો જરાપણ જરૂરનો હોય તેવી અમારી માન્યતા નથી. ક્ષમાપનાની મૂર્ત્તિજ જેઓ હોય તેવાઓને આ સમયમાં વિશેષ ક્ષમા પત્રદ્વારા દર્શાવવાની જરૂર હોય તેમ અમને લાગતું નથી. શ્રાવક કે શ્રાવિકા તો ભક્તિ દર્શાવવા સાધુ કે સાધ્વી ઉપર પત્રો લખે, પણ તે મહાત્માઓને તેના પ્રત્યુત્તર રૂપે પત્રો લખવાની આવશ્યકતા હોય તેમ પણ અમને તો જણાતું નથી. આ વ્યવહારની વૃદ્ધિથી ચોમાસામાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવર-પોસ્ટકાર્ડ શ્રાવકો પાસે યાચવાની, તે લખવા નિમિત્તે ટાઈમ ગાળવાની જરૂર પડે છે, અને કોઈ કોઈ મુનિમહાત્માઓ તો સ્વનામાંકિત પોસ્ટકાર્ડો અને કુંકુમપત્રિકાઓ છપાવીનેજ શ્રાવકોને ટપાલદ્વારા મોકલે છે, જે માત્ર વ્યવહાર સાચવવા પૂરતુંજ છે. આવો વ્યવહાર સાધુ કે સાધ્વીઓને યોગ્ય નથી-વધારો પડતો છે-નકામો છે, તેથી ક્ષમાપનાના પત્રો તેમના તરફથી લખાય છે તે આદરણીય નથી તેવો અમારો નમ્ર મત છે. સાધુ અને સાધ્વીઓ આ બાબત તરફ અવશ્ય લક્ષ આપશે તેવી આશા છે. સંવત્સરીના દિવસ પછી અમુક દિવસ સુધી ટપાલ ખાતાના પટાવાળા ઉપર જે અસાધારણ દબાણ થતું દેખાય છે તે જોતાં કરકસરમાં આગળ વધેલા શ્રાવકોની ઉદારતા આ બાબતમાં બહુ વધી ગઈ છે તે હદમાં રહેવાની અને તેટલી નાની-પણ 'ટીપે ટીપે સરોવર ભરાય' ના અર્થવાળી રકમ વધારે ઉત્તમ માર્ગે વપરાવાની જરૂર છે.

* * * * * * *

ભાયખાળાના દેરાસરની નજદીકની જે જગ્યા ઉપર સરકારની નજર ખેંચાણી હતી, અને ગરીબ માણસો માટે ચાલીઓ બાંધવાના નિમિત્તથી જે જગ્યા સરકાર જૈનકોમ પાસેથી લઇ લેવાનો વિચાર ચલાવતી હતી તે બાબત અંતે સરકારે મુલતવી રાખી છે. મુંબઇના જૈન સંઘના પ્રયાસથી અને અરજીથી સરકારનું લક્ષ ફર્યું છે, અને તેમના તરફથી જવાબ મળી ગયો છે કે:—"તે સ્થળ ઉપર જે ગરીબ માણસો માટે ચાલીઓ બાંધવાનો ઇરાદો હતો તે હાલ બંધ રાખવામાં આવ્યો છે." આ ન્યાયી જમાનામાં ચળવળની જ જરૂર છે. સાચી રીતે ચળવળ કરવામાં આવે, સત્ય રસ્તો લેવામાં આવે, ખરાં દુઃખો દર્શાવવામાં આવે તો છેવટે સત્ય હકીકતનો જય થાય છે. જૈન કોમના આગેવાનોએ આ બાબત તરફ લક્ષ ખેંચવાની જરૂર છે. આ સ્થળ, કે જેના ઉપર સરકારનું-સીટી ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટનું ધ્યાન ખેંચાણું હતું તે સ્થળ જૈનોએ હવે ઉપયોગમાં લઇ લેવાની જરૂર છે. જો આ સ્થળને ઉપયોગમાં નહિ લેવામાં આવે તો વળી પાછો લાંબે સમયે આવો સવાલ ઉપસ્થિત થવાનો ભય રહે છે. મુંબઇમાં એટલી વસ્તી વધતી જાય છે કે કોઈ સ્થળે શ્રીમંત કે ગરીબને રહેવા માટે જગ્યા મળતી નથી. ઘણે સ્થળે તો પુરતું ભાડું ખર્ચતાં પણ જગ્યા મળતી નથી. ગરીબોને રહેવાની કેટલી હાડમારી છે તે અનુભવનાર જ તરત સમજી શકે તેમ છે. આવે સમયે ગરીબ કે મધ્યમ વર્ગના જૈનબંધુઓને રહેવાની સસ્તા ભાડાની ચાલીઓ આ સુંદર સ્થળ ઉપર બાંધવામાં આવે તો તે સ્થળ વિશેષ ઉપયોગી થશે, અને ભવિષ્યમાં હલકી કોમોના વસવાટથી આશાતના થવાનો ઉપજતો ભય દૂર થશે. જૈન શ્રીમંતોએ અને તે સ્થળના ટ્રસ્ટીઓએ આ બાબતનો તાકીદે વિચાર કરવાની જરૂર છે. જમાનાને ઉપયોગી અને કોમને લાભદાયી આવાં ખાતાંઓ હવે તાકીદે ઉઘાડવાની જરૂર છે.

* * * * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન કોમને વિશેષ ઉપયોગી કાર્ય થઇ શકે તે માટે મુંબઇમાં જૈન સેનીટરી એસોશીએશનની સ્થાપના કરવામાં આવી છે. ચાર ઉત્સાહી સેક્રેટરીએ અને ઉત્સાહી કમીટી નીચે કાર્ય કરતી આ સભા ભવિષ્યમાં મુંબઇમાં વસતા જૈન બંધુઓને બહુ ઉપયોગી થઇ પડશે તેવી આશા રહે છે. મુંબઇમાં વસતા જૈનોનો મોટો ભાગ જે સ્થળે રહે છે તે સ્થળ બહુ ગલીચ અને આરોગ્યને હાનિ કરનાર છે. વળી તદુપરાંત જૈનોને હાલમાં તો રહેવાનાં સ્થળો પણ મળતાં નથી. આ એસોશીએશનનો ઉદ્દેશ જૈન બંધુઓને આરોગ્યદાયી રહેઠાણો પૂરાં પાડવાં તે છે. તે માટે મુંબઇની આસપાસના ગામડાઓમાં સ્થળ શોધાય છે; થોડા વખતમાં જોઇતો બંદોબસ્ત થઇ જતાં આરોગ્યદાયી ચાલીએ બંધાવા માંડશે, અગર તેવાં તૈયાર મુકામો લેવામાં આવશે. અમે આ સંસ્થાની આબાદી ઇચ્છીએ છીએ. મુંબઇમાં વસતા જૈનબંધુઓમાં જે મોટું મરણ પ્રમાણ દેખાય છે તે આવી હીલચાલોથી અટકશે તેવી આશા રહે છે. શ્રીમંત જૈન બંધુઓને પોતાનો ઉદાર હાથ તે તરફ લંબાવવા અમો તે ખાતાં તરફથી વિનંતિ કરીએ છીએ. અમુક આખી ચાલી કે મુકામ, જૈન બંધુઓ માટે બંધાવવાની શક્તિ ન હોય તેવા બંધુઓ માટે આ ખાતું બહુ ઉપયોગી છે. કોમ તરફ લાગણી ધરાવનારા બંધુઓ થોડી ઘણી પણ બનતી સહાય આ ઉપયોગી ખાતાને આપશે તો આ સંસ્થાનું કાર્ય વધારે સરલતાવાળું અને તાકીદે થશે. કોમને માટે આવા ખાતાંઓની ખરેખરી જરૂર છે.

* * * * * * *

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સંસ્થા જૈનકોમમાં સુપ્રસિદ્ધ છે. તે સંસ્થા જમાનાને ઉપયોગી અને જરૂરીઆતવાળી છે. અત્યારે આ કાળમાં સર્વ પ્રજા જે વેગથી પ્રગતિ કરે છે તેમની સાથે રહેવા આવી ઘણી સંસ્થાઓની કોમમાં સ્થળે સ્થળે જરૂર છે. આ વિદ્યાલય તેવી સંસ્થાઓનો નમુનો છે. હાલમાં જુદી જુદી લાઇનોમાં લગભગ ૪૫ વિદ્યાર્થીઓ આ સંસ્થાદ્વારા શિક્ષણ લે છે. તેમને હમેશાં ધર્મના ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ કરાવવામાં આવે છે, અને પ્રતિવર્ષ તે અભ્યાસની પરીક્ષા લેવામાં આવે છે. જુદાજુદા ધાર્મિક પરીક્ષકોના ઉત્તમ અભિપ્રાયો તે માટે આવેલા બહાર પાડવામાં આવ્યા છે. આ સંસ્થા માટે ગોવાળીયા તળાવ ઉપર એક સુંદર મકાન વેચાણ લેવામાં આવ્યું છે. આજ સુધી તે સંસ્થા ચોપાટીની સામે ભાડાના મકાનમાં રાખવામાં આવી હતી. શ્રાવણ શુદિ ૧૨ના શુભ મુહૂર્ત્તે નવા મકાનમાં આ સંસ્થા ફેરવવામાં આવી છે. જુદાજુદા સવા બે લાખ રૂપિયાના કિંમતના છ મકાનો તે માટે લેવામાં આવ્યા છે. આ સંસ્થાના સ્થાયી મકાનો થવાથી તે સંસ્થા વિશેષ દ્રઢીભૂત થઇ છે. તે સંસ્થાના ઉત્સાહી કાર્યવાહકો અને સેક્રેટરીને અમે અભિનંદન આપીએ છીએ, અને તે સંસ્થા વિશેષ ઉપયોગી થાય, તે સંસ્થાના પાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ વૃદ્ધ થાય તે માટે સદોદિત રહેવા તેમને પ્રેરણા કરીએ છીએ. મકાનો લેવા માટે જે મોટો ખર્ચ તેમણે આરંભ્યો છે, તેને પહોંચી વળવા મોટા ફંડની તેમને જરૂર છે. ધનિક જૈનબંધુઓ તેમને આ ઉત્તમ કાર્યમાં જોઇતી સહાય અવશ્ય આપશે તેવી આશા રાખવામાં આવે છે. આ સંસ્થાનો ચતુર્થ રીપોર્ટ સમાલોચનાર્થે હમણાજ અમોને મળ્યો છે, જેની નોંધ હવે પછીના અંકોમાં લેવામાં આવશે.

* * * * *

મંડળાચાર્ય કમળમુનિ હાલમાં જાહેર હીલચાલમાં સારો ભાગ લેતા હોય તેમ વર્તમાનપત્રો ઉપરથી જણાય છે. મહાત્મા ગાંધીજીએ પણ બે ભાષણો તેમના વ્યાખ્યાન સમયે આપ્યા છે. જૈન મુનિમહારાજાઓ જાહેર હીલચાલમાં ભાગ લે અને કોમને પણ તેવે રસ્તે દોરે એ આનંદ પામવા જેવું છે. જાહેર ભાષણોમાં તેઓ જુસ્સો સારો બતાવે છે, પણ કોઇકોઇવાર સાધુપણાની હદ ઓળંગી જવાતી હોય તેમ અમને લાગે છે. સાધુઓજ જાણે જૈનકોમની અધોગતિ કરાવનારા હોય તેવા ભાવો પણ ભાષણમાં દેખાઇ જાય છે. તા૦ ૬ ઓગસ્ટના 'જૈન' માં બહાર પડેલા તેમના એક ભાષણમાં તેઓ જણાવે છે કે:—"ખરેખર અફસોસ સાથે જણાવવું પડે છે કે તમારી ખરાબ હાલત–તમારી બૂરી દશા લાવનાર અમે સાધુવર્ગ છીએ. શાસ્ત્રોની તમામ ચાવી અમારા હાથમાં, એટલે અમે તમને જેમ નચાવીએ તેમ તમે નાચો. સારૂં સારૂં ખાવું, માલમલીદા ગરીબોના ભોગે ઉડાવવા અને શિષ્યોને મેળવવા તનતોડ પ્રયત્નો કરવા એ સિવાય બીજું કર્તવ્ય અમારે માટે રહ્યું નથી. સાચે સાચું કહી દઉં તો મને બાઇડી મળી નહિ, ખાવાનું મળ્યું નહિ, એટલે મેં સાધુનો પોશાક પહેર્યો અને સાધુ થયો. આ મારી એકની સ્થિતિ છે એમ નથી, પણ ઘણાની જોઉં છું." સાધુ દશાની કાળી બાજુ દેખાડવાનો અને કવચિત્ દેખાતી અધમ સ્થિતિ સર્વને અંગે લગાડી દેવાનો એક મુનિ–અગ્રેસરપણે ઓળખાવા ઇચ્છતા મુનિ તરફથી થયેલો પ્રયત્ન ખરેખર ખેદ કરાવે છે. વળી આગળ ઉપર તે ભાષણમાં કહેવામાં આવ્યું છે કે–"હું મહાત્મા ગાંધીજીને ખાસ આગ્રહપૂર્વક જણાવવાની રજા લઉં છું કે જે સ્વદેશી હીલચાલ આપે શરૂ કરી છે, તેને મારો સંપૂર્ણ ટેકો આપું છું, એટલુંજ નહિ પણ હું મારાથી બનતી સહાય તનમનથી આપવા ધારૂં છું. મને કહેવા દો કે મને કોઇ કોઇવાર રેંટીયો કાંતવાનું મન થાય છે અને એ ઇચ્છા મારી ભવિષ્યમાં પાર પડે એવી ભાવના ભાવું છું. પણ ભાઇઓ, તમારે કામ કરવું નથી. ફકત વાતો કરવી છે. તમે રેંટીઆ નહિ કાંતો તો હું કાંતીશ, ને તમને કાંતી બતાવીશ. ખુદ ઋષભદેવ સ્વામીએ લોકોને હળ ખેડતા શીખવાડ્યા હતા, સુતાર, લુવાર વિગેરેને કળાઓ શીખવી હતી, કડીઆઓને ઘર બાંધતાં પણ શીખવ્યા હતા, એ શું બતાવી આપે છે? હું હિમત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરીને કહું છું કે હું રેંટીયો કાંતી શકું ને તમને કંતાવવાનો ઉપદેશ આપી શકું." રેંટીઓ કાંતવા તૈયાર થયેલ અને ઋષભદેવ સ્વામીના દષ્ટાંતને અનુસરવાની ઇચ્છા રાખનાર આ મુનિના ઉપરોકત શબ્દો વાંચી કયો શાસનપ્રેમી ખેદ નહિ પામે ? ઋષભદેવે દીક્ષા લીધા પછી કઇ કઇ કળાઓ શીખવી હતી ? તે તે મુનિ જણાવવા બહાર પડશે તો વિશેષ અજવાળું પડશે. જે વેશ લીધો છે તેમાં દૂષણરૂપ ઉપરનાં વાકયો વાગાડંબરમાં જેવા શોભે છે તેવા ક્રિયારૂચિ જીવમાં શોભતા નથી. તેવો અમારો આધીન મત છે. સ્વદેશપ્રેમ બતાવીને લોકરંજન કરવા જતાં સાધુમાર્ગનું સમૂળ ઉન્મૂલન કરી નાખે છે. ઋષભદેવ પરમાત્માની સંસારીપણાની સ્થિતિને મુનિપણા સાથે જોડી દે છે. આ બધું તદન વિપરીત છે. આવા લોકરંજનથી આત્માનું અશ્રેય થાય છે. મુનિપણાને છાજતી હકીકતજ મુનિમુખમાં શોભે છે. બીજાઓએ પણ એથી મોહાઇ જવાનું નથી. જે પોતાનું જાળવતા નથી તે બીજાનું પણ શ્રેય કરી શકતા નથી.

* * * * *

હાલમાં સાધુઓને સુધરવાનો ઉપદેશ સારી રીતે બહાર પાડવામાં આવે છે. જાણે કે જૈનકોમના તે વિભાગમાં કાંઇ અનુકરણીય વિભાગ તો રહ્યોજ હોય નહિ, તેવી રીતે કેટલાક લેખકો તો લખે છે. વસ્તુઓની બે બાજુમાંથી જેને કાળી દિશા જોવાની ટેવ પડી ગઇ હોય છે તેઓને સર્વત્ર ભૂલો થતીજ દેખાય છે. હાલમાં વળી મુનિ જયવિજયજી સુધારાના ક્ષેત્રમાં ઉતર્યા છે. અને 'જૈન' પત્રના બે અંકોમાં "પોપ સામ્રાજ્યનો નમુનો" તે મથાળા નીચે સાધુઓને અને શ્રાવકોને સૂચનારૂપે કેટલાક આક્ષેપો બહાર પાડયા છે. જૈન પત્રકારજ તે લેખની નીચે નોટમાં લખે છે કે:–"લેખક મુનિની કલમ 'પોપ સામ્રાજ્યનો નમુનો' ચિતરતાં વધારે તપી ગયેલ જણાય છે; પરંતુ શાસનસુધારણા માટે સત્ય પણ જુની પોપશાહીના લખાણને કાપી નાંખી શુદ્ધ આંતરલાગણી દર્શાવતો ભાગ પ્રકટ કર્યો છે, એટલે વાચકોએ છિદ્ર નહિ શોધતાં સાર ગહણ કરવાનો છે." મૂળ લેખ પ્રગટ કરનારજ મુનિની કલમ તથા તે વિષયમાં રહેલ છિદ્રો માટે સૂચના કરતા હોવાથી અમારે તત્સંબંધમાં વિશેષ લખવાનું રહેતું નથી. નોટ ઉપરથી વિષયનો અમુક ભાગ બાદ થઇ ગયેલો જણાય છે. મુનિની આંતર ઇચ્છા જૈન કોમની દિશા સુધારવા માટેજ હશે, પણ આવા ઉગ્ર લેખોથી તેમની આંતરઇચ્છા સફળ થશે ખરી? તે એક પ્રશ્ન છે. માને બાપની બૈયર કહેવી, અને આંધળાને આંધળો કહી તેની લાગણી દુખાવવી તેથી સત્ય હકીકત છતાં પણ શું ધારેલ કાર્ય બની શકે છે ? નથી બની શકતું. આમાં તો તે પ્રકાર પણ નથી. અમુક વિભાગની કાળી દિશા ચીતરવાથીજ મનુષ્યો સુધરતા હોય તે વાત અમને તો સત્ય જણાતી નથી. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિએ લખતાં લખતાં કોઇ કોઇ સ્થળે એવા આક્ષેપો કર્યા છે કે તે લેખોનો વિભાગ અત્રે ઉતારતાં પણ અમને સંકોચ થાય છે. જો તે મુનિને જૈનકોમની દાઝ દિલમાં હોય તો કરવાનાં કાર્યો ઘણાં છે, ક્ષેત્ર વિશાળ છે, આવાં ઉગ્ર લેખોથી કશો પણ ફાયદો થવાનો તેઓ ધારતા હોય તો અમારી માન્યતા તેનાથી વિરૂદ્ધ છે. કોઇપણ સ્થળે આવી જાતના લેખોથી ફાયદો થયોજ નથી. પ્રાંતમાં તેવા લેખો ઉપર વિશેષ વિવેચન નહિ કરતાં આવા ઉગ્ર લેખો માટે અમે દિલગીરી જાહેર કરી અત્રેથીજ અટકીએ છીએ. અને તેવા લખાણોને ઉપેક્ષાની કોટીમાંજ મૂકવા યોગ્ય ધારીએ છીએ.

* * * * *

આવા લેખોની ઉગ્રતા બાદ કરીએ, શાંતિથી તેવા લેખો ઉપર વિચાર કરીએ તો જૈન કોમની સ્થિતિ માટે વિચાર કરવાનો-બહુ બારીકીથી વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે તેમ કહ્યા વગર ચાલતું નથી. જૈનકોમમાં પણ સાધુઓએ બહુ વિચારવા જેવું છે, તે બાબત લક્ષ ખેંચવા જેવી છે. સમય સમયનું કામ કરે છે. સમય સાથે ચાલનાર, તદનુસારજ પ્રવૃત્તિ કરનાર ઇચ્છિત કાર્ય કરી શકે છે. દશ-વીશ વરસમાં પણ કોમના વાતાવરણમાં ઘણો ફેરફાર થયો છે-થતો જાય છે. સ્વતંત્રતાનો જે પવન આખા દેશમાં વાય છે તેણે જૈનકોમ ઉપર બહુ અસર કરી છે. જૈન યુવકોની લાગણી સાધુઓ તરફ ઓછી થતી જાય છે તે બહુ વિચારવા યોગ્ય પ્રશ્ન છે. જે યુવકો કોમના આધારભૂત છે તેની લાગણી એક ઉપકારી વિભાગ તરફ ઓછી થતી જાય તો અમુક કાળે બહુ ખેદજનક પરિણામ આવે તેવી અમારી માન્યતા છે. સાધુ-મહાત્માઓએ સમયને વર્તવાની અને તદનુસાર કાર્ય કરવાની જરૂર છે. દેરાસરો, અઠ્ઠાઇ મહોત્સવો, ઉજમણા, ધર્મશાળાઓ વિગેરે કરાવવાના ઉપદેશ સાથે જીર્ણોદ્ધારો, વિદ્યાલયો, સ્કુલો, બોર્ડીંગો અને છાત્રાલયો વિગેરે સ્થાપવા-કરાવવા-બંધાવવાનાં ઉપદેશો આપવાની જરૂર છે. જે જે મુનિ મહાત્મા પોતાનો ધર્મ જાળવીને સમયાનુસાર વકતવ્ય કરે છે, ઉપદેશ આપે છે, ફંડો કરાવે છે તેઓ આ સમયમાં વધુ પ્રતિષ્ઠા પામે છે, કાર્યસિદ્ધિ કરે છે અને સમયને ઉપયોગી થાય છે. આજ આ બાબતનો સ્પષ્ટ પુરાવો છે. આગલા જમાનાની-ગત વખતની વાતોને મૂકી દઇ જમાના પ્રમાણે સમયને ઓળખી ધર્મથી અવિરૂદ્ધપણે પણ લોક લાગણી તપાસીને વર્તવા અમારી દરેક મુનિ મહાત્માને વિનંતિ છે. જૈનકોમની-જૈન યુવકોની તો જ પૂજ્ય બુદ્ધિ તેમના તરફ સદોદિત રહેશે અને કોમનું શ્રેય થશે. અમારી નિરંતરની તેજ વાંચ્છા છે.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં જંબુસર નજીક આવેલ કાવિ તીર્થના જીર્ણોદ્ધાર માટેનું કાર્ય બે સદ્‌ગૃહસ્થોએ ઉપાડયું છે. ઝઘડીયા તીર્થના કાર્ય કરનાર અંગારેશ્વરવાળા શેઠ દીપચંદ કમળચંદ અને અંકલેશ્વરવાળા શેઠ માણેકચંદ વસળચંદ જાણીતા ગૃહસ્થો છે. ઝઘડીયા તીર્થનું કાર્ય જે કાર્યકુશળતાથી તેમણે કર્યું છે તે પ્રસિદ્ધ છે. કાવિમાં બે મોટા દેરાસર છે, અને જૈનોની વસ્તી મુદલ નથી. સાસુ વહુએ પ્રતિસ્પર્ધીપણાથી કરાવેલા આ દેરાસરો ભવ્ય અને વિશાળ–ખાસ દર્શન કરવા લાયક છે. જંબુસરથી આ તીર્થ દશ ગાઉ દૂર છે. આ બંને દેરાસરોના ઉદ્ધાર માટે લગભગ પંચોતેર હજાર રૂપિયાની જરૂર છે. તે દેરાસરોના જીર્ણોદ્ધાર માટેની ટીપ કરવા ઉપરોક્ત બંને ગૃહસ્થો હાલમાં મુંબઈ ગયેલ છે. તેઓની આ જીર્ણોદ્ધાર માટે ફાળો કરવાની ઇચ્છા નથી. જુદાજુદા દેરાસરોના ટ્રસ્ટીઓ–કાર્યવાહકો પાસેથી તે તે દેરાસરના ફંડમાંથીજ સારી રકમ આપવા તેઓ માગણી કરે છે. શ્રાવણ શુદિ ... ગોડીજીના દેરાસરના ટ્રસ્ટીઓ તરફથી તે બાબતમાં વિચાર ચલાવવા મુંબઈના સંઘની મીટીંગ બોલાવવામાં આવી હતી ગોડીજીના દેરાસરમાંથી રૂા. પાંચ હજાર તે જીર્ણોદ્ધાર ખાતે આપવાના નક્કી થયા છે. બીજા દેરાસરોમાંથી રકમ નક્કી કરવા પ્રયાસ ચાલે છે. દેવદ્રવ્યનો આ રસ્તે વ્યય ખાસ આદરણીય છે. દેવદ્રવ્ય અન્ય કોઈ ક્ષેત્રમાં વાપરી શકાયજ નહિ તેવો અમારો શાસ્ત્રાધીન મત છે. જિનપ્રતિમા અને જિનમંદિરો માટે એકત્ર થયેલ દ્રવ્યનો આજ ખરો વ્યય છે. બીજા દેરાસરોના કાર્યવાહકો પણ આ સાધનનો ઉપયોગ કરશે એવી આશા રાખવામાં આવે છે. મારવાડમાં અને અન્ય તીર્થ સ્થળોમાં જીર્ણોદ્ધાર માટે મોટી રકમની જરૂર છે. જો દેરાસરોના કાર્યવાહકો આ જીર્ણોદ્ધારની ઉપયોગી બાબત તરફ લક્ષ ખેંચશે તો તેમના હાથનીચેના દ્રવ્યનો સદ્‌વ્યય થશે, ઘણાં તીર્થોનો ઉદ્ધાર થઇ જશે અને અત્યારે ચર્ચાતા દેવદ્રવ્યના વિષયનો અમુક અંશે પણ નિવેડો આવશે, તેમજ તેના વિરૂદ્ધ બોલાતું અટકી જશે, એવો મોટે ભાગે સંભવ છે.

* * * * *

ભાવનગરના નામદાર દરબારશ્રી દોઢમાસ અગાઉ પંચત્વ પામેલા હોવાથી ભાવનગરની પ્રજા હજુ શોકનિમગ્ન છે. જૈનસમુદાયે મહાન પર્યુષણ પર્વમાં તેનું યથાસ્થિત પ્રતિપાલન કર્યું છે. સ્ત્રી પુરૂષોએ તદ્દન સાદો ડ્રેસ રાખ્યો છે. વરઘોડા, મહોત્સવ, રાતીજગા ઇત્યાદિ તદ્દન બંધ રાખેલા છે એટલુંજ નહીં પણ જાહેર રસ્તે ધર્મસંબંધી ગીત ગાવાનું પણ બંધ રાખ્યું છે. ઘોડીયાપારણા ગ્રહસ્થને ઘેર આપવાનું બંધ રાખ્યું છે. અત્રે બે મોટા સ્વામીવચ્છલ જમી શકે તેટલા માટે આર્થિક સગવડ થયેલી છે છતાં શોક નિમિત્તને લઇને તે પણ તદ્દન બંધ રાખી દરેક સાધારણવાળાને સારસ્વાર શેર મીઠાઇ આપી દીધી છે. આ પ્રમાણેના વર્તનથી જૈનોએ પોતાની નામદાર મહારાજાસાહેબ પ્રત્યેની પુરતી લાગણી બતાવી આપી છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઝવેરી માણેકચંદ ખેતશીનું ખેદકારક મૃત્યુ.

આ ગૃહસ્થ વીરમગામ નિવાસી હતા. ધર્મચુસ્ત હોવા સાથે પ્રકરણાદિકના સારા બોધવાળા હતા, તેમજ વ્રતધારી હતા. શ્રીસંઘમાં અગ્રણિ હતા. સાધુ સાધ્વી ના તેમજ શ્રાવક શ્રાવિકાના ભકત હતા. સાંસારિક વ્યવસાયથી પ્રાયઃ મુક્ત હતા. તેઓ શારિરીક અશક્તિને લગતી માંદગી ભોગવી ગયા અશાડ શુદિ ૧ મે સુમારે ૬૦ વર્ષની વયે પંચત્વ પામ્યા છે. તેમના પંચત્વ પામવાથી વીરમગામના શ્રીસંઘમાં ખામી પડી છે. અમે પણ એક ઉત્તમ સભાસદ ગુમાવ્યા છે. આ સભા પ્રત્યે તેઓ બહુ સારો પ્રેમ ધરાવતા હતા. સભાના લાઇફ મેમ્બર હતા. જ્ઞાનખાતામાં દ્રવ્ય વાપરવાની જીજ્ઞાસા વિશેષ હતી. અમે તેમના બહોળા કુટુંબને દીલાસો આપીએ છીએ અને એમના આત્માની સદગતિ થવાની સંભાવના કરીએ છીએ.

## विद्वान् मुनिमहाराजाओ प्रत्ये प्रार्थना.

પાક્ષિકાદિક પ્રતિક્રમણમાં હાલમાં કહેવાતા શ્રાવકના અતિચારની અંદર કેટલાક શબ્દો સંસ્કૃત ભાષાના, કેટલાક મારવાડી ભાષાના અને કેટલાક જુના રૂઢ શબ્દો છે. તેથી તે બોલતાં ને સાંભળતાં તેનો ભાવ સ્પષ્ટ થઇ શકતો નથી. તેથી તેવા શબ્દો ને વાકયો ફેરવી શુદ્ધ ને સરલ ગુજરાતી ભાષામાં દરેક અતિચાર બરાબર સમજાય તેવી રીતે તેની રચના કરવાની એક શ્રાવક ઇચ્છા ધરાવે છે. તેમાં કાંઈ વિરોધ છે? જો વિરોધ હોય તો તે સકારણ જણાવવા કૃપા કરશો અને જો વિરોધ ન હોય તો તેને લગતી સૂચનાઓ લખી મોકલવા કૃપા કરશો. તૈયાર થયા પછી અનુભવી ને વિદ્વાન્ મુનિમહારાજની સંમતિ અવશ્ય મેળવવામાં આવશે. તે સિવાય પ્રસિદ્ધિમાં મૂકવા ઇચ્છા નથી એટલું ધ્યાનમાં રાખશો. તંત્રી

---

## ગ્રાહકો અને બુકો મંગાવનારને સૂચના.

જૈન ધર્મ પ્રકાશના સંબંધમાં કાંઈ પણ લખવું હોય તો તે પત્રમાં પોતાનો રજીષ્ટર નંબર અવશ્ય લખવો.

ચૈત્યવંદન ચોવીશી થઇ રહી છે. ફરીને છપાવવાની છે.

રત્નાકરપચ્ચીશી ભેટ મંગાવનારે પોસ્ટેજ સાથે મોકલવું. પોસ્ટેજ વિનાના પત્ર ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.

સકારણ વધારેલી કિંમત ઉપર ધ્યાન આપવું.

ઉપદેશપ્રાસાદ ભાષાંતરના પાંચ ભાગો પૈકી બીજા ભાગ થઈ રહ્યા છે, બીજી આવૃત્તિ છપાવવાની છે, પરંતુ તે ભાગ શિવાય વાંચનારને વાંચવામાં ત્રુટક પડતું નથી. આ બધા ભાગ ખાસ વાંચવા લાયક છે.

હાલમાં નવા બહાર પડેલ બે ગ્રંથો ને એક ભાષાંતરની બુક વેચાણ ખરીદ કરવા ઇચ્છનારને પણ મોકલવામાં આવશે. તેમણે કિંમત ઉપરાંત પોસ્ટેજ જુદું સમજવું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

### (૧) હાલમાં છપાય છે.

૧ કર્પૂરપ્રકર—મોટી ટીકાયુક્ત, સંસ્કૃત માગધી કથાવાળું. (ટાઇટલ છપાય છે.)
(સહાયક શા. હીરાચંદ લક્ષ્મીચંદ ઇડરવાળા)
૨ શ્રીઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩જો. સ્થંભ ૧૩ થી ૧૮.
(ભાવનગર શ્રાવિકાસમુદાયના પ્રથમના નિષ્પન્નમાંથી)
૩ શ્રીઉપમિતિભવપ્રપંચા કથા ભાષાંતર. (સભા તરફથી)
૪ શ્રીમલ્લીનાથ ચરિત્ર ભાષાંતર (નગીનદાસ કરમચંદ. પાટણ.)
૫ શ્રીઉપદેશસપ્તતિકા ભાષાંતર (કથા સિવાય)
(બાઇ જીવીબાઈ તથા સાંકળીબાઇ—અમદાવાદ)
૬ શ્રીબૃહત્ક્ષેત્ર સમાસ. મોટી ટીકા સહિત.

### (૨) તરતમાં છપાવા શરૂ થશે.

૭ તત્ત્વામૃત ગ્રંથ. મૂળ. ટીકા સહિત. (શા. કુંવરજી આણંદજી)
૮ તત્ત્વામૃત ગ્રંથનું ભાષાંતર. (જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ સારૂ)
૯ નમસ્કાર (નવકાર) મહાત્મ્ય. (શેઠ ઓંકારભાઈ ચતુર્ભુજ—ધોળેરા)
૧૦ શ્રાદ્ધકુળક છાયા, અર્થ, વિવેચનયુક્ત. (બાઇ સંતોક તથા જડીબાઇ—ભાવનગર)

### (૩) તૈયાર થયેલા છે ને થાય છે.

૧૧ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર, (તૈયાર છે.)
૧૨ શ્રીઉપદેશપ્રાસાદ. મૂળ. વિભાગ ૪થો. (સ્થંભ ૧૯ થી ૨૪) તૈયાર છે.
૧૩ શ્રીહેમચંદ્રાચાર્ય ચરિત્ર. (તૈયાર થનાર છે.)
૧૪ શ્રી ધન્ના ચરિત્ર ભાષાંતર. (થાય છે.)
(છેવટના ચાર ને નંબર ૬ના ગ્રંથ માટે સહાયકની અપેક્ષા છે. ઈચ્છા હોય તેણે લખવું.)
સંબોધસિત્તરીના ભાષાંતરનું કામ બીજે થતું હોવાથી બંધ રાખ્યું છે.

---

## નવા મેમ્બરોના નામ.

### લાઈફ મેમ્બર.

૧ શા. નરોત્તમ કેવળદાસ ગોઘા. હાલ મુંબઈ
૨ શા. લખમીચંદ જીવરાજ ધોલેરા. હાલ કલકત્તા

### પહેલા વર્ગના મેમ્બરો.

૩ શા. નારણજી વર્ધમાન ભાવનગર.
૪ શા. નાનચંદ મેઘજી રાણપુર.
૫ ગાંધી નાથજી મોરારજી વેજલપુર.
૬ શા. લલુભાઈ ગોપાળદાસ મહુવા.
૭ શા. અમૃતલાલ ત્રિભુવન મોરબી. હાલ મુંબઈ.

---

For Private And Personal Use Only